ગુજરાતી

# બાલભારતી

ધોરણ બીજું







Tele MANAS

National Tele Mental Health Programme

14416

# ટેલી-માનસ હેલ્પલાઈન

## ટેલી માનસ (આંતરરાજ્ય ટેલી માનસિક સ્વાસ્થ્ય સહાય અને નેટવર્કિંગ)

## (૧૪૪૧૬/૧૮૦૦-૮૯-૧૪૪૧૬)

કેન્દ્ર પુરસ્કૃત યોજના ટેલી માનસ રાષ્ટ્રીય માનસિક આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત ઑક્ટોબર ૨૦૨૨થી મહારાષ્ટ્ર રાજ્યમાં પણ અમલમાં મુકવામાં આવી છે. ટેલી માનસ કાર્યક્રમ અંતર્ગત સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન નંબર)-૧૪૪૧૬ દ્વારા ૨૪ X ૭ નિઃશુલ્ક એકાત્મિક અને સર્વ સમાવેશક માનસિક આરોગ્ય સેવા પૂરી પાડવામાં આવે છે. જેમાં વિવિધ માનસિક સમસ્યાઓ માટે તજજ્ઞો દ્વારા ઉપચાર અને સમુપદેશન કરવામાં આવે છે. ટેલી માનસ સહાયતા ક્રમાંક પર ફોન કર્યા બાદ તમે આપેલી માહિતી સંપૂર્ણપણે ગોપનીય રાખવામાં આવે છે. જેથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોએ નિઃસંકોચ પોતાની સમસ્યા અને શંકા જણાવી તે વિશે માર્ગદર્શન મેળવવું. બીજા લોકોને પણ આ સુવિધા દ્વારા સહાયતા મેળવવા કહેવું. કેન્દ્ર શાસન દ્વારા શરૂ કરાયેલ ટેલી માનસ ઍપમાં ગુજરાતી ભાષામાં પણ ઉપલબ્ધ છે.

# મનોદર્પણ

**મનોદર્પણ સહાયતા ક્રમાંક (હેલ્પલાઈન) 8448440632**

શિક્ષણ મંત્રાલયના નેજા હેઠળ રાષ્ટ્રીય શૈક્ષણિક સંશોધન અને પ્રશિક્ષણ પરિષદ દ્વારા ચાલતા મનોદર્પણ ઉપક્રમના માધ્યમે જુલાઈ ૨૦૨૦થી નિઃશુલ્ક દૂરધ્વનિ સેવા-મનોદર્પણ (૮૪૪૮૪૪૦૬૩૨) વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકોને માનસ શાસ્ત્રીય માર્ગદર્શન અને સહાયતા પ્રદાન કરવા માટે અઠવાડિયાના સાતે દિવસ સવારે ૮થી સાંજે ૮ વાગ્યા દરમિયાન ઉપલબ્ધ છે. વિદ્યાર્થી, વાલી અને શિક્ષકો આવશ્યક માર્ગદર્શન અને સમુપદેશન મેળવવા માટે આ હેલ્પલાઈન પર સંપર્ક કરી શકે છે.

प्रस्तुत पाठ्यपुस्तक राज्य शैक्षणिक संशोधन अने प्रशिक्षण परिषद, पुणे द्वारा तैयार करायेला अभ्यासक्रम अने पाठ्यक्रम अनुसार तैयार करवामां आव्युं છે તેમ જ તેમના દ્વારા આ પાઠ્યપુસ્તકની સમીક્ષા કરવામાં આવી છે. શાસન નિર્ણય ક્રમાંક અભ્યાસ – ૨૧૧૬/(પ્ર.ક્ર.૪૩/૧૬) એસડી – ૪ દિનાંક ૨૫-૦૪-૨૦૧૬ અન્વયે સ્થાપિત થયેલી સમન્વય સમિતિની ૦૧-૦૪-૨૦૨૬ રોજની બેઠકમાં આ પાઠ્યપુસ્તક શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭થી નિર્ધારિત કરવાની માન્યતા આપવામાં આવી છે.

# ગુજરાતી
# બાલભારતી
## ધોરણ બીજું



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે – ૪૧૧ ૦૦૪

બાજુના ચોરસમાં આપેલા Q.R. Code ને સ્માર્ટફોન વડે સ્કેન કરતા, ડિજિટલ પાઠ્યપુસ્તક તેમ જ પાઠ્યપુસ્તકના ઘટક સંબંધિત દૃશ્ય, શ્રાવ્ય અને દૃશ્યશ્રાવ્ય સ્વરૂપમાં અધ્યયન અધ્યાપન સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૨૬ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે - ૪૧૧ ૦૦૪.

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈપણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

**ગુજરાતી ભાષા સમિતિ સભ્યો :**

ડૉ. ઉષા નાયર, અધ્યક્ષ
શ્રીમતી ભાવના જોશી (સભ્ય)
શ્રીમતી પ્રતિભા પટેલ (સભ્ય)
શ્રીમતી જાગૃતિ રાઠોડ (સભ્ય)
શ્રીમતી પુષ્પા સોલંકી (સભ્ય)
શ્રીમતી રક્ષા પટેલ (સભ્ય)
શ્રીમતી જ્યોતિ ખખ્ખર (સભ્ય)
શ્રીમતી નીતા ચાવડા (સભ્ય)
શ્રીમતી હાર્દિકા પટેલ (સભ્ય)
શ્રીમતી આરતી શિંદે (સભ્ય)
શ્રીમતી ધર્મિકા દોશી (સભ્ય)
શ્રી ધીરેન દોશી (સભ્ય)
**શ્રીમતી કેતકી જાની** (સદસ્ય-સંયોજક)

**ગુણવત્તા સમીક્ષક**

ડૉ. અરવિંદ ભાંડારી
ઍડવોકેટ ઝીલ ઠક્કર
શ્રીમતી દીપાલી નાકર

**સંયોજન**

શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી, ગુજરાતી વિભાગ તથા
કાર્યકારી વિદ્યાસચિવ (ભાષા)
પાઠ્યપુસ્તક મંડળ, પુણે - ૪

મુખપૃષ્ઠ : શ્રી. ભટૂ રામદાસ બાગળે
ચિત્રકાર : શ્રી. સંજય પટેલ
અક્ષરગૂંથણી : મુદ્રા વિભાગ, પાઠ્યપુસ્તક મંડળ, પુણે
કાગળ : ૭૦ જી.એસ.એમ.ક્રીમવોવ્હ,
મુદ્રણાદેશ :
મુદ્રક :

નિર્મિતિ : શ્રીમતી મિતાલી શિતપ
કાર્યકારી મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. રાજેન્દ્ર પાંડલોસ્કર
નિર્મિતિ અધિકારી

પ્રકાશક : શ્રી. હેમંત બાબર
કાર્યકારી નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ - ૨૫.

## પ્રસ્તાવના

બાળમિત્રો,

ધોરણ બીજામાં આપ સૌનું સ્વાગત છે. 'ગુજરાતી બાલભારતી' ધોરણ બીજાનું આ પાઠ્યપુસ્તક તમારા હાથમાં મૂકતાં ખૂબ આનંદ થાય છે.

ધોરણ પહેલામાં તમે મૂળાક્ષરો અને સ્વરચિહ્નો ઉપયોગ કરીને શબ્દ તૈયાર કરતા શીખ્યા છો. પાઠના માધ્યમથી તમે ગુજરાતી ભાષા સરસ રીતે બોલતા, વાંચતા અને લખતાં શીખ્યા છો. ધોરણ બીજામાં તમે ઘણું નવું શીખવાના છો.

ગુજરાતી બાલભારતી ધોરણ બીજાના આ પાઠ્યપુસ્તકમાં ચિત્રવર્ણન, ગીતો, કાવ્ય, પાઠ, વાર્તા, ચિત્રકથા, શબ્દસંપત્તિ પર આધારિત ભાષિક રમત, વિવિધ ભાષિક કૃતિ તમે શીખશો. પાઠ્યપુસ્તકમાં આપેલા આશય અનુરૂપ ચિત્રોનું નિરીક્ષણ કરીને મિત્રો સાથે ચર્ચા કરીને તે વિશે ઘણી વાતો કરવાની છે. દરેક ચિત્રનું ઊંડાણપૂર્વક નિરીક્ષણ કરજો. પાઠ્યપુસ્તકમાં તમને ગમે એવા સરસ આકર્ષક અને બોલતાં ચિત્રો આપવામાં આવ્યા છે. આ ચિત્રો દ્વારા તમારું ગુજરાતી ભાષાનું શિક્ષણ વધુ આનંદદાયક બની રહેશે.

પાઠ્યપુસ્તકમાં આપેલા કાવ્યો તમે અભિનય-સૂરતાલ સહિત ગાઈ શકશો. વ્યક્તિગત અથવા જૂથમાં આ કાવ્યો પ્રસ્તુત કરવાં તમને ચોક્કસ ગમશે.

પાઠ્યપુસ્તકમાં આપેલા વૈવિધ્યપૂર્ણ પાઠ દ્વારા તમારે વિવિધ વિષય જાણવાના છે. પાઠ શીખતી વખતે તમે તેમાં ચોક્કસ એકાકાર થઈ જશો. પાઠના વિવિધ વિષયો તમારા જ્ઞાનમાં વૃદ્ધિ કરશે અને સાથે જ તમને આનંદ પણ આપશે.

કાવ્ય અને પાઠની નીચે 'ચાલો, કૃતિ કરીએ'માં આપેલી વિવિધ કૃતિઓ પણ તમારી વિચારશક્તિને વેગ આપશે. આ કૃતિઓ દ્વારા તમને વિચાર કરવાની ઘણી તક મળશે. શબ્દસંપત્તિ પર આધારિત વિવિધ ભાષિક રમત અને કૃતિના માધ્યમે તમે ઘણા નવા શબ્દો શીખશો અને કૃતિના માધ્યમથી તમારી શબ્દસંપત્તિ ચોક્કસ સમૃદ્ધ થશે.

તમે સૌ ખૂબ કલ્પનાશીલ છો જ. ધોરણ બીજાનું આ પાઠ્યપુસ્તક અભ્યાસવામાં તમને ચોક્કસ મજા પડશે.

બાળમિત્રો તમને સૌને ખૂબ ખૂબ શુભેચ્છા!

પુણે
દિ. ૧૯/૦૪/૨૦૨૬
ભારતીય સૌર દિનાંક :
ચૈત્ર શુ.૧, શકે ૧૯૪૮,
ગુડીપડવો

(અનુરાધા ઓક)
સંચાલક
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ
અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

# ભારતનું સંવિધાન

આમુખ

અમે ભારતના લોકો ભારતને એક
સાર્વભૌમ સમાજવાદી
બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક
પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય;
વિચાર, અભિવ્યક્તિ, વિશ્વાસ,
ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા;
દરજ્જા અને તકની સમાનતા;
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તે સર્વમાં વ્યક્તિનું ગૌરવ
અને રાષ્ટ્રની એકતા અને અખંડતા
સુદૃઢ કરે એવી બંધુતા વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને
અમારી સંવિધાનસભામાં
૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ
આથી આ સંવિધાન અપનાવી
તેને અધિનિયમિત કરી
અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન – અધિનાયક જય હે
ભારત – ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત – ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારા માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

## ભારતનું સંવિધાન

### ભાગ ૪ ક

# નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

અનુચ્છેદ ૫૧ ક

મૂળભૂત કર્તવ્ય – ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે –

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.
(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.
(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.
(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.
(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.
(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.
(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.
(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.
(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.
(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.
(ટ) ૬થી ૧૪ વયજૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

## શિક્ષક સાથે સંવાદ

શિક્ષક મિત્રો,

આપે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અનુસાર તૈયાર કરાયેલા આ પાઠ્યપુસ્તકના માધ્યમથી વિદ્યાર્થીઓ માટે નિર્ધારિત અધ્યયન નિષ્પત્તિ સિદ્ધ કરાવવાની છે.

ધોરણ બીજામાં પ્રવેશેલા વિદ્યાર્થીઓએ ધોરણ પહેલામાં મૂળાક્ષરો-બારાખડી, કેટલાક જોડાક્ષરો શીખીને તેનો ભરપૂર મહાવરો કર્યો છે. અક્ષરથી શબ્દ, શબ્દથી વાક્ય અને ગદ્યાંશ-પદ્યાંશનુ વાંચન અને લેખન તેમણે કર્યું છે. હવે ધોરણ બીજામાં એક ડગલું આગળ વધવાનું છે. પહેલા ધોરણમાં બાળકો દરેક કૃતિનું માત્ર મૌખિક આકલન શીખ્યાં છે. આ વર્ષે તેમણે ગદ્ય-પદ્યનું લેખિત આકલન કરવાનું છે.

નવા અભ્યાસક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ગોખણપટ્ટીથી મુક્ત કરી, જ્ઞાનથી આકલન તરફ લઈ જવાનો છે. વિદ્યાર્થીઓ દરેક કૃતિ જાતે કરી શકે તે માટે તમારે જરૂરી માર્ગદર્શન આપવું. સહાયકની ભૂમિકા ભજવવી, તૈયાર જવાબો આપવા નહીં.

પાઠ અને કાવ્ય સમજાવતાં પહેલાં વિષય પ્રવેશ, વિષયનો પ્રાથમિક પરિચય આપતી કૃતિઓ કરાવવી. ઉપરાંત સ્વાધ્યાય માટે આપેલી પ્રવૃત્તિઓ જોઈ જવી અને સમજાવતી વખતે જ તે તરફ બાળકોનું પરોક્ષ રીતે ધ્યાન દોરવાથી બાળકો જાતે પ્રવૃત્તિઓ કરી શકશે. પાઠ-કાવ્ય પછી 'ચાલો, વાતચીત કરીએ'માં આપેલા પ્રશ્નો સિવાય પણ બીજા સંબંધિત પ્રશ્નો પૂછી ચર્ચાના માધ્યમથી વિષયનું બહોળું જ્ઞાન આપી શકો છો. તમારે વર્ષના પ્રારંભે પાઠ્યપુસ્તકમાં આવતા નવા શબ્દોના અર્થવાળો બાળશબ્દકોશ તૈયાર કરી લેવો. તેનો ઉપયોગ કેવી રીતે કરાય તેનું પ્રાત્યક્ષિક વર્ગમાં કરાવવું. સમયાંતરે બાળકો સ્વતંત્ર રીતે બાળશબ્દકોશનો ઉપયોગ કરી શકે તેવો પ્રયત્ન કરવો. પાઠ્યપુસ્તકમાં કાર્યાત્મક ઢબે, અનૌપચારિક રીતે, બાળસહજ ભાષામાં આડકતરો પરિચય આપી વ્યાકરણ આપવામાં આવ્યું છે. તમારે ભારરહિત ઢબે જ તે વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવાનું છે.

આ વર્ષે વિદ્યાર્થીઓ સંવાદલેખન શીખવાના છે. માટે પાઠ્યપુસ્તકમાં અનેક સ્થળે સંવાદ આપ્યા છે. 'ચાલો, હસીએ'માં પણ સંવાદ આપ્યા છે અને ગદ્યમાં પણ સંવાદાત્મક કૃતિ વિશેષ લેવામાં આવી છે. એ સાથે જ મૌખિક સંવાદ આપ્યા પછી સંવાદલેખન આપવામાં આવ્યું છે. વર્ષ દરમિયાન સમયે-સમયે સંવાદ પ્રસ્તુતિનો મહાવરો કરાવવો. જેથી વર્ષને અંતે બાળક સંવાદલેખન કરવા સક્ષમ બનશે.

આ વર્ષે વિદ્યાર્થીઓ સ્વતંત્રપણે કવિતા લખતાં પણ શીખશે. પહેલાં ધોરણમાં વિદ્યાર્થીઓ પ્રાસયુક્ત શબ્દો અને 'જોડકણાં પૂરાં કરો'ની પ્રવૃત્તિ શીખીને આવ્યાં છે. પાઠ્યપુસ્તકમાં દરેક પદ્યમાં પ્રાસયુક્ત શબ્દો પર વિશેષ ભાર આપવામાં આવ્યો છે. તે તરફ બાળકોનું ધ્યાન દોરવું. પાઠ્યપુસ્તકમાં પ્રાસયુક્ત શબ્દો, 'જોડકણાં પૂરા કરો' પછી ચિત્રના આધારે સ્વતંત્ર કાવ્યલેખન આપવામાં આવ્યું છે. તેમાં પણ ધ્વનિદર્શક શબ્દોના ઉપયોગથી બાળકો સરળતાથી કાવ્યનિર્મિતિ કરી શકશે.

પાઠ્યપુસ્તકમાં અનેક ચિત્રવર્ણનો આપવામાં આવ્યાં છે. પ્રશ્નોત્તરી-ચર્ચાના માધ્યમથી ચિત્રવર્ણનના વિષય વિશે માહિતી પૂરી પાડવી. ચર્ચામાં દરેક બાળકો સહભાગી થાય તે જોવું.

પહેલા ધોરણમાં વિદ્યાર્થીઓ ચિત્રના આધારે વાર્તાકથન શીખ્યાં છે. આ વર્ષે તેઓ વાર્તાકથન અને વાર્તાલેખન શીખશે. આપેલા ચિત્રોના આધારે બાળકોએ તૈયાર કરેલી વાર્તાનો સ્વીકાર કરી તેમને પ્રોત્સાહન આપવું. પાઠ્યપુસ્તકમાં પાનાની મર્યાદાને ધ્યાનમાં રાખીને શક્ય એટલી ભાષિક રમતો, ઉપક્રમ, જૂથકાર્ય, વર્ગમાં કરાવી શકાય તેવી કૃતિઓ આપવામાં આવી છે. તમે આવશ્યકતા અનુસાર તેનો સવિશેષ મહાવરો કરાવવા સ્વતંત્ર છો. પાઠ્યપુસ્તકમાં સમાવિષ્ટ કૃતિઓ કે પ્રશ્નો સિવાય પણ જુદા જુદા પ્રકારના પ્રશ્નો પૂછી શકો છો. બાળકોને સ્વમૂલ્યમાપન કરવાની તક પૂરી પાડવી.

પાઠ્યપુસ્તકમાં દરેક કૃતિની શરૂઆતમાં પ્રતીક આપવામાં આવ્યું છે. જેનો અર્થ છે કે તે કૃતિ સંબંધિત દરેક કાર્ય દરમિયાન વિશેષ જરૂરિયાતવાળા બાળકોનું સંપૂર્ણ ધ્યાન રાખવું. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓ માટે અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા કરતી વખતે સાંકેતિક ભાષા (સાઈન લેંગ્વેજ) તથા અન્ય પૂરક અધ્યાપન પદ્ધતિનો ઉપયોગ કરવો. વિશેષ જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને જે રીતે શક્ય હોય, તે રીતે વ્યક્ત થવાની તક આપવી.

## અધ્યયન નિષ્પત્તિ અને તેને સાધ્ય કરતા પૃષ્ઠ ક્રમાંક

| અ. નિ ક્ર. | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૯.૧.૧. | વિશિષ્ટ-વિવિધ પ્રકારનાં ગીતો અને કવિતા સાંભળવામાં સ્વરૂચિ દર્શાવે છે અને તે ગમવાનું કારણ સ્પષ્ટ કરે છે. | ૧, ૨, ૯, ૧૬, ૨૧, ૩૧, ૪૨, ૬૨ |
| ૯.૧.૨. | ૨-૩ કડવાં ધરાવતાં કાવ્યો/ગીતો ગાય છે અને ફરીથી પ્રગટપણે ગાઈ સંભળાવે છે. | ૧,૨, ૯, ૧૬, ૨૧, ૩૧, ૪૨, ૬૨ |
| ૯.૨.૧. | સ્વતંત્રપણે પોતાના શબ્દોમાં નાનું કાવ્ય/જોડકણું/યમક તૈયાર કરે છે. | ૧૮, ૨૩, ૩૪, ૪૩, ૬૩ |
| ૯.૩.૧. | સંભાષણ દરમિયાન વાતચીતનો દોર જાળવી રાખે છે. | ૨, ૫, ૯, ૧૨, ૧૭, ૨૧, ૨૮, ૩૨, ૩૬, ૪૩, ૪૮, ૫૩, ૫૬, ૬૨, ૭૦ |
| ૯.૩.૨. | એકાદ વિષય પર થતી ચર્ચામાં સહભાગી થાય છે. પ્રશ્નો પૂછે છે અને તેને પ્રતિસાદ આપે છે. | ૨, ૫, ૯, ૧૨, ૧૭, ૨૧, ૨૮, ૩૨, ૩૬, ૪૩, ૪૮, ૫૩, ૫૬, ૬૨, ૭૦ |
| ૯.૪.૧. | શરતી સૂચનાઓનું પાલન કરે છે (દા.ત. જો વરસાદ પડતો હોય, તો છોડને પાણી ન આપો, નીંદણ ખેંચો. જો વરસાદ ન પડતો હોય, તો છોડને પાણી આપો.) | ૪૧, ૪૬, ૫૦, ૫૩, ૬૫ |
| ૯.૪.૨. | સ્પષ્ટ ગાણિતિક સૂચનાઓ આપે છે. (દિશાદર્શક, અવકાશી સંદર્ભ, ભૌતિક પરિમાણ ધરાવતી) | ૧૦, ૨૦, ૬૭, ૭૯,૮૦ |
| ૯.૫.૧. | ★ પોતે લેખક છે તેવી કલ્પના કરીને પોતે જાણતો હોય તે વાર્તાનો અંત બદલે છે. | ૨૭, ૭૨ |
| | ★ વાર્તા કહેતી વખતે પૂરક માહિતી વર્ણવે છે. દા.ત. ઉંદરને એક કપડું મળ્યું. તે કપડું ખૂબ જ મેલું હતું. ધૂળથી ખરડાયેલું હતું. | ૩૮, ૫૮ |
| | ★ સાંભળેલી વાર્તામાં શું ગમ્યું? શું ન ગમ્યું? તે સકારણ જણાવે છે. | ૧૨,૧૬,૨૭,૩૬,૪૪,૬૧,૭૦ |
| ૯.૬.૧ | જટિલ કથાવસ્તુ અને બહુવિધ પાત્રો સાથે પોતાની વાર્તા તૈયાર કરે છે. | ૩૮, ૫૮ |
| ૯.૭.૧ | વાંચવામાં આવેલા અપરિચિત શબ્દોનો અર્થ સમજવા માટે બાળશબ્દકોશનો ઉપયોગ કરે. | ૨, ૧૭, ૨૮, ૩૭, ૩૮, ૪૩, ૫૭, ૬૨, ૭૦ |
| ૧૦.૨.૨ | સાદા વિરામચિહ્નો ઓળખે છે. (પૂર્ણવિરામ, પ્રશ્નાર્થચિહ્ન) | ૧૮, ૨૨, ૨૩, ૫૦, ૫૭ |
| ૧૦.૩.૨ | બહુવર્ણીય (જોડાક્ષરયુક્ત) અને ધ્વનિદર્શક શબ્દો ભૂલ વિના વાંચે છે. | ૪, ૧૦, ૧૩, ૧૪, ૩૪ |
| ૧૦.૪.૧ | નાના ફકરાનું યોગ્ય ઉચ્ચારણ તથા યોગ્ય આરોહ અવરોહ સાથે અચૂક વાંચન કરે છે. | ૨૯, ૩૮, ૫૧, ૫૨, ૭૬ |
| ૧૦.૫.૧ | ચિત્ર કરતાં વધારે લખાણ હોય તેવા પુસ્તકનું સ્વતંત્રપણે વાંચન કરવાની શરૂઆત કરે છે. | ૩૫, ૩૬, ૪૭, ૪૮, ૫૪, ૫૫, ૬૮, ૬૯, ૭૦, ૭૭ |

| અ. નિ ક્ર. | અધ્યયન નિષ્પત્તિ | પૃષ્ઠ ક્રમાંક |
|---|---|---|
| ૧૦.૫.૨ | કથાનું કથાનક, પાત્રો, ઘટનાક્રમ ઓળખે છે અને લેખકનો દૃષ્ટિકોણ ધ્યાનમાં રાખીને વાંચન કરે છે. | ૧૧, ૧૨, ૨૭, ૩૫, ૩૬, ૪૯, ૫૦, ૫૬, ૫૭, ૬૮, ૬૯, ૭૦, ૭૭ |
| ૧૦.૬.૧ | નાનું કાવ્ય વાંચે છે અને કવિની કલ્પનાનો અંદાજ કાઢે છે. | ૨, ૯, ૨૧, ૫૮, ૭૨, ૮૦ |
| ૧૦.૭.૧ | ટૂંકા સમાચાર, પ્રકાશિત સાહિત્ય વાંચે છે અને તેનો આશય સમજાવે છે. | ૪૫, ૫૧, ૭૬, ૭૭, ૭૮, ૭૯ |
| ૧૦.૮.૧ | * પારંપારિક લિપિમાં ચિત્રના આધારે વર્ણનાત્મક/કથારૂપ લેખન કરે છે.<br>* ચિત્રપુસ્તિકા જોઈને અંદાજ કેળવી વાર્તા લખે છે. | ૭, ૯, ૨૬, ૪૦, ૪૬, ૧૫, ૭૩ |
| ૧૦.૮.૨ | નાનાં નાનાં વાક્યોનું શ્રુતલેખન કરે છે. | ૨૮, ૬૫ |
| ૧૦.૮.૩ | ઘટના અથવા અનુભવ વિશે લખે છે. | ૧૭, ૬૫, ૭૮ |
| ૧૦.૮.૪ | બે પાત્રો વચ્ચેના કાલ્પનિક સંવાદ વિશે ચાર-પાંચ વાક્યો લખે છે. દા.ત. શાકભાજી વિક્રેતા અને ગ્રાહક, બસ-કંડક્ટર અને પ્રવાસી. | ૬, ૩૮, ૪૪, ૫૮ |
| ૧૦.૮.૫ | વાનગીની રીત/કાગળમાંથી વસ્તુ બનાવવાની પ્રવૃત્તિ/કોઈ રમત કેવી રીતે રમાય જેવા વિષયો વિશે ૪થી ૫ વાક્યમાં લખે છે. | ૫૯, ૬૫ |
| ૧૦.૯.૧ | પુસ્તકો પ્રત્યે રૂચિ દર્શાવી વાસ્તવિક અને કાલ્પનિક બન્ને પ્રકારનું વાંચન કરે છે. | ૧૧, ૧૨, ૧૫, ૨૭, ૫૨ |
| ૧૦.૯.૨ | શાળાના ગ્રંથાલયના પુસ્તકોની કાળજી લે છે તેમજ તે પુસ્તકો સુવ્યવસ્થિત રીતે મૂકે છે. | ૪૧, ૫૨ |

**નોંધ –** ધોરણ બીજાનાં બાળકોને વર્ષાંતે ઓછામાં ઓછું અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિઓ સિદ્ધ કરે એ અપેક્ષિત છે. અહીં જે તે અધ્યયન નિષ્પત્તિ સામે નોંધવામાં આવેલા પૃષ્ઠ ક્રમાંક સિવાય, અન્ય પૃષ્ઠ ક્રમાંક પર આપવામાં આવેલા આશય દ્વારા પણ તે અધ્યયન નિષ્પત્તિ સાધ્ય થઈ શકે છે. દરેક પૃષ્ઠ પર આપેલા એકમ દ્વારા અહીં આપેલી અધ્યયન નિષ્પત્તિ સિવાય અન્ય અધ્યયન નિષ્પત્તિઓ પણ સાધ્ય થઈ શકે છે.

ઋણ સ્વીકાર : પ્રસ્તુત પાઠ્યપુસ્તકમાં જે કવિ-લેખકની કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, તેમનો પાઠ્યપુસ્તક મંડળ વિશેષ આભાર માને છે. દરેક સંભવિત પ્રયત્નો કર્યા બાદ પણ કેટલાક સાહિત્યકારોના તથા કોપીરાઈટ ધારકોના સંપર્કસૂત્ર પ્રાપ્ત થયા નથી, મંડળ તે દિશામાં કાર્યરત છે.

★ પાઠ્યપુસ્તકમાં આપેલાં ચિત્રોમાં જો રાષ્ટ્રધ્વજની રંગછટા વિસંગત જણાતી હોય તો તે તાંત્રિક મર્યાદાને કારણે છે.

## * પાઠ્યપુસ્તકમાં વાપરવામાં આવેલા પ્રતીકો *


ચાલો, ગાઈએ


ચાલો, લખીએ


શિક્ષકો માટે


ચાલો, વાંચીએ


ચાલો, બોલીએ


ચાલો, વાતચીત કરીએ


ચાલો, હસીએ


સાંકેતિક ભાષા

# અનુક્રમણિકા


| અ.ક્ર. | કૃતિ | પૃ. ક્ર. |
|---|---|---|
| | **ભાગ – ૧** | |
| ૧ | શાળાનો પહેલો દિવસ | ૧ |
| ૨ | ચિત્રવર્ણન | ૫ |
| ૩ | નાનકડા સિપાઈ | ૯ |
| ૪ | કાગડા કેટલા? | ૧૧ |
| ૫ | કીડી | ૧૬ |
| ૬ | દિશા | ૧૯ |
| | **ભાગ – ૨** | |
| ૭ | ચાંદામામા | ૨૧ |
| ૮ | આપણા તહેવારો | ૨૪ |
| ૯ | આળસુ કાગડો | ૨૭ |
| ૧૦ | દડો | ૩૧ |
| ૧૧ | ઊંટના અઢાર અંગ વાંકા | ૩૫ |
| | **ભાગ – ૩** | |
| ૧૨ | વાચનાલય | ૪૧ |
| ૧૩ | શાકવાળી આવી | ૪૨ |
| ૧૪ | સારું સારું શીખીએ | ૪૬ |
| ૧૫ | રમતની મજા માણીએ | ૪૭ |
| ૧૬ | જળ એ જ જીવન | ૫૩ |
| ૧૭ | એટલે રોટલો તૈયાર? | ૫૪ |
| | **ભાગ – ૪** | |
| ૧૮ | ભૂલકાંઓની ફૂલવાડીમાં | ૬૧ |
| ૧૯ | સાર્વજનિક સ્થળો | ૬૬ |
| ૨૦ | તરબૂચના ખાનારા | ૬૮ |
| ૨૧ | સુરક્ષિત રહીએ | ૭૪ |
| ૨૨ | બાળકોનું છાપુ 'બાળવિશ્વ' | ૭૬ |




# ૧. શાળાનો પહેલો દિવસ...












♦ **ચાલો, ગાઈએ.**

રજા પૂરી થઈ શાળા શરૂ થઈ આજ,
નોટ, પેન્સિલ સાથે દફતર કરી લો તૈયાર.

વહેલાં વહેલાં આવો સૌ ભણવાને કાજ,
આપણી આ શાળામાં આપણું છે રાજ.

હસતાં રમતાં આવજો વડીલની સંગાથ,
જાણજો ને શીખજો, નવી નવી વાત.

શાળામાં મેળવજો તમે ગમ્મત સાથે જ્ઞાન,
આપણી આ શાળામાં આપણું છે રાજ.





રમતાં રમતાં ભણો, ભણતાં ભણતાં રમો,
ગાઓ અને નાચો, વળી રિસેસમાં જમો,

શાળાના મેદાનમાં બતાવજો કમાલ,
આપણી આ શાળામાં આપણું છે રાજ.








♦ **ચાલો, ગાઈએ.**

ઓ ઈશ્વર ભજીએ તને;
મોટું છે તુજ નામ,
ગુણ તારા નિત ગાઈએ;
થાય અમારાં કામ.

હેત લાવી હસાવ તું;
સદા રાખ દિલ સાફ,
ભૂલ કદી કરીએ અમે;
તો પ્રભુ કરજે માફ.

## ચાલો, વાતચીત કરીએ



(૧) તમારી શાળાનું નામ શું છે?
(૨) શાળામાં તમે શું શું કરો છો?
(૩) તમે શાળામાં શું શું શીખો છો ?
(૪) ‘મારી શાળા’ વિશે બેથી ત્રણ વાક્યો બોલો.
(૫) તમને શાળામાં કઈ કઈ પ્રવૃત્તિ કરવી ગમે છે?
(૬) પ્રાર્થના કાવ્યમાં તમને શું ગમ્યું?

♦ **સાચા વિકલ્પ પર ગોળ ◯ કરો.**

આપણે શાળામાં શું કરવું જોઈએ?
(અ) નિયમિત હાજર રહેવું.
(બ) જ્યાં ત્યાં કચરો નાખવો.
(ક) ધ્યાન દઈને ભણવું.
(ડ) મિત્રો સાથે મસ્તી કરવી.



બાળકોને સૂરતાલ અને અભિનય સહિત શાળાગીત અને પ્રાર્થના ગાઈ સંભળાવવા તથા બાળકો પાસે અભિનયસહિત ગવડાવવા. શાળાગીત અને પ્રાર્થના વાંચીને તેમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો શોધવા કહેવું તથા અપરિચિત શબ્દોના અર્થ બાળશબ્દકોશમાંથી શોધવામાં મદદ કરવી.

# ચાલો, લખીએ



◆ મૂળાક્ષરના ક્રમ મુજબ આગળનો મૂળાક્ષર લખો.

| | |
|---|---|
| ખ | ગ |
| | ન |
| | ભ |

| | |
|---|---|
| | ઝ |
| | ડ |
| | થ |

| | |
|---|---|
| | ફ |
| | વ |
| | ષ |

| | |
|---|---|
| | ય |
| | જ્ઞ |
| | ચ |

◆ મૂળાક્ષરના ક્રમ મુજબ પાછળનો મૂળાક્ષર લખો.

| | |
|---|---|
| છ | જ |
| ર | |
| દ | |

| | |
|---|---|
| પ | |
| ઘ | |
| મ | |

| | |
|---|---|
| બ | |
| ણ | |
| લ | |

| | |
|---|---|
| શ | |
| હ | |
| ટ | |

◆ મૂળાક્ષરના ક્રમ મુજબ ખૂટતા મૂળાક્ષર લખો.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ચ | | | | ટ | | | ઢ | |
| દ | | | પ | | | ભ | | |
| ક | | | ઘ | | | | | ટ |

◆ નીચેના અક્ષર પરથી શરૂ થતો શબ્દ લખો.

મ - ............ ઠ - ............ દ - ............

ટ - ............ ગુ - ............ બ - ............

ચિ - ............ કા - ............ સ - ............

◆ આડાઅવળા અક્ષરો ગોઠવીને અર્થપૂર્ણ શબ્દો બનાવો.

ર વ દ સા - ............ હા મ ર વી - ............

ના અ સ ન - ............ ગ ક ર લિં - ............

ક ઠ સ એ - ............ ગા ન યો સ - ............



આવી અન્ય કૃતિઓ તૈયાર કરાવી વિશેષ મહાવરો કરાવવો.

## ♦ ચાલો, વાંચીએ



| | | |
|---|---|---|
| ભર. | જાગ. | દોર. |
| ભરત ભર. | જમના, જાગ. | ચિરાગ, દોર. |
| કનક, ભરત ભર. | જમના, ઝટપટ જાગ. | ચિરાગ, ચિત્ર દોર. |
| કનક, સરસ ભરત ભર. | જાગ, જમના ઝટપટ જાગ. | ચિરાગ, સુંદર ચિત્ર દોર. |

## ♦ આપેલા મૂળાક્ષરોને યોગ્ય માત્રા જોડી અર્થપૂર્ણ શબ્દ તૈયાર કરો.

પ ચ ક ર – પિચકારી ............ સ વ ર ણ – ............

ઘ ડ ય ળ – ............ ચ ક ડ ળ – ............

ફ ટ ક ડ – ............ ક બ ત ર – ............

## ♦ ખાલી ચોકઠામાં જ કે ઝ મૂકી વાંચો.

| | | | | |
|---|---|---|---|---|
| જ ગત | ઝ ભલું | ☐ ગદીશ | ☐ રણું | ☐ લક |
| ☐ નક | ☐ ઘડો | ☐ ટપટ | ☐ મરૂખ | ☐ મીન |

## ♦ ચોરસમાં ખૂટતો અક્ષર લખી ચોરસ પૂરો કરો.

| | | |
|---|---|---|
| સ | વા | લ |
| વા | ર | સ |
| લ | સ | ણ |

| | | |
|---|---|---|
| ભા | ર | ત |
| | બ | ર |
| | | ત |

| | | |
|---|---|---|
| બા | | |
| જ | લે | |
| રી | બી | ન |

| | | |
|---|---|---|
| ફા | ન | સ |
| | ગ | |
| | ર | સ |

## ♦ આપેલાં ચિત્રને બદલે યોગ્ય શબ્દ લખી વાક્ય ફરી લખો.

જીજ્ઞાને  ભાવે છે.

............

 નો હલવો બને છે.

............

 પાણીમાં રહે છે.

............

મીના  માં પુસ્તકો મૂકે છે.

............

 કડવાં હોય છે.

............

 પ્રકાશ અને ગરમી આપે છે.

............





આવી અન્ય કૃતિઓ તૈયાર કરાવી વિશેષ મહાવરો કરાવવો. બાળકો કૃતિ કરે ત્યારે માર્ગદર્શકની ભૂમિકા ભજવવી. બાળકોને બીજા શબ્દડુંગર તૈયાર કરવા પ્રેરિત કરવા.

♦ નીચેનું ચિત્ર બરાબર જુઓ.



## ચાલો, વાતચીત કરીએ

(૧) ચિત્રમાં શું શું દેખાય છે ?
(૨) બાળકો શું કરી રહ્યા છે ?
(૩) તમને કઈ પતંગ ગમી? શા માટે ?
(૪) તમે મેદાનમાં કઈ રમતો રમો છો ?

♦ **કહો, હું કોણ છું?**

ચાર ખૂણાનું ચોકઠું,
અદ્ધર ઊડ્યું જાય;
રાજા પૂછે રાણીને,
એ ક્યું જનાવર જાય? (પતંગ)

ચિત્રના આધારે વર્ગમાં ચર્ચા કરાવવી. દરેક બાળકો ચર્ચામાં સહભાગી થાય તે જોવું. પતંગ પર આધારિત કાવ્ય સંભળાવવું.

♦ દરેક હરોળમાં જુદા પડતા ચિત્ર પર ગોળ કરો.



♦ નીચેનાં ચિત્રમાં બે પાત્રો વચ્ચે શું સંવાદ થતો હશે તે બે વિદ્યાર્થીઓ વર્ગમાં રજૂ કરે.





જુદા જુદા પાત્રો વચ્ચે થતા સંવાદનો વિશેષ મહાવરો કરાવવો.



## ચાલો, લખીએ

◆ ચિત્રની જગ્યાએ યોગ્ય શબ્દ મૂકી બનતો શબ્દ લખો.

 + દાની – ..........

 + પુર – ..........

વિ + ૪ – ..........

 + ત – ..........

મ +  – ..........

 + ગાડી – ..........

◆ ચિત્ર જોઈને નામ લખો.

 ..........

 ..........

 ..........

 ..........

 ..........

 ..........

 ..........

 ..........

 ..........

◆ આપેલ ચિત્ર પરથી બે-ત્રણ વાક્ય બનાવો.



..........

..........



..........

..........



..........

..........



..........

..........

 આવી અન્ય કૃતિઓ તૈયાર કરાવી વિશેષ મહાવરો કરાવવો.

♦ સજીવ અને નિર્જીવ છૂટા પાડો.



સજીવ – ..................................................

નિર્જીવ – ..................................................

♦ પાના નં. પાંચ પર આપેલા ચિત્રમાં નીચે પૈકી જે વસ્તુઓ નથી તેના પર × કરો.



♦ પાના નં. પાંચ પર આપેલા ચિત્રમાં બાળકો કેવાં દેખાય છે? 



સજીવ – નિર્જીવ વિશે સરળ શબ્દોમાં સામાન્ય પરિચય આપવો.

# ૩. નાનકડા સિપાઈ

## ♦ ચાલો ગાઈએ

અમે સૌ નાનકડા સિપાઈ,
મારા દેશના ઓ ભાઈ. ... અમે

સૌ માણસની સેવા કરશું,
ભેળા થઈને ભાઈ. ... અમે.

રાજી થાશું રોજ રોજ અમે,
દેશનાં ગીતો ગાઈ. ... અમે.

ધમધમ કરશું ધરતી પગલે,
બીક ન રાખશું કાંઈ. ... અમે.

દેશ અમારો અમે આ દેશના,
સુંદર કેવી સગાઈ. ... અમે.



## ચાલો, વાતચીત કરીએ



(૧) કાવ્યમાં સિપાઈ શું કરવા ઈચ્છે છે?
(૨) સિપાઈ શું કરીને રાજી થાય છે?
(૩) તમે દેશ માટે શું કરશો?
(૪) સિપાઈ દેશની સેવા કેવી રીતે કરે છે?
(૫) આપણે નાના હોવા છતાં દેશના સિપાઈ કઈ રીતે બની શકીએ?
(૬) તમને આ કાવ્યમાં શું ગમ્યું?

## ચાલો, લખીએ



♦ કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દો શોધીને લખો.

..............................................................
..............................................................
..............................................................

♦ બાજુમાં આપેલા ચિત્રના આધારે વર્ગમાં ૫-૬ વાક્યમાં રાષ્ટ્રધ્વજનું વર્ણન કરો.

## ચાલો, રંગ પૂરીએ



'નાનકડા સિપાઈ' કાવ્ય અભિનય સહિત ગાઈ સંભળાવવું તથા બાળકો પાસે અભિનયસહ ગવડાવવું. આવા બીજા દેશભક્તિના ગીતો ગવડાવવા. વિદ્યાર્થીઓને પ્રેરણા આપવી કે આપણે રાત્રે સૂતી વખતે દેશના સૈનિકોને યાદ કરી તેમનો આભાર માનવો જોઈએ કારણ તેઓ જાગીને દેશની રક્ષા કરે છે માટે આપણે શાંતિથી સૂઈ શકીએ છીએ.

## બાળશબ્દકોશ

બાળમિત્રો, ભાષામાં એક જ વસ્તુ માટે જુદા જુદા શબ્દો પણ વપરાય છે. જેમ કે આકાશમાં રહેલા સૂરજને આપણે સૂર્ય કે રવિ પણ કહીએ છે. તમે રવિનો અર્થ ન જાણતા હો તો તમે તમારા શિક્ષકને તો પૂછી જ શકો છો. સાથે જ બાળશબ્દકોશમાં પણ જોઈ શકો છો. બાળશબ્દકોશમાં વર્ણાનુક્રમ પ્રમાણે શબ્દ અને તેના જુદા જુદા અર્થ આપેલા હોય છે. શિક્ષક સાથે મળીને તમે બાળશબ્દકોશનો ઉપયોગ કરતા શીખો.

## ચાલો, રમીએ

બાળમિત્રો, અહીં આપેલા શબ્દો વાંચો અને યાદ રાખો. જ્યારે તમને એવું લાગે કે તમને શબ્દો યાદ રહી ગયા છે. ત્યારે તમે પુસ્તક બંધ કરી નોટબુકમાં તમને જેટલા યાદ રહ્યા હોય તેટલા શબ્દો લખો. બે મિનિટમાં જે વધુ શબ્દો લખશે તે વિજેતા બનશે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| મગ | દુઃખ | વિમાન | આરતી | કુશલ | સૂરજ | કેતન | કૈલાસ |
| ઠગ | ભરત | દાળિયા | મકાઈ | સુથાર | નૂતન | નેપાળ | નૈતિક |
| ડગ | સરસ | શિયાળ | મલાઈ | ગુલાબ | ભૂતાન | મેદાન | દૈનિક |
| થડ | કનક | વિશાળ | ઈડલી | લુહાર | મજૂર | તેતર | સૈનિક |
| ઢગ | કદમ | દિવસ | દરજી | દુકાન | કૂતરા | વિવેક | પપૈયા |
| નામ | મલમ | વિચાર | નીડર | ખુરશી | પૂનમ | શહેર | જાનૈયા |
| ગામ | સરલા | ચિરાગ | ટપાલી | તુલસી | પૂછડી | રેવડી | વૈશાખ |
| કામ | તરલા | ગિટાર | ચકલી | ગુવાર | અતૂટ | તપેલી | તૈયાર |
| વાલ | જમના | કવિતા | બિલાડી | જુવાર | કૂકડા | ચમેલી | રવૈયો |
| ચિત્ર | સામાન | સરિતા | બકરી | જુલાઈ | ઘૂઘરા | શેરડી | ભૈરવી |

આ જ શબ્દોનો ઉપયોગ કરીને જુદી જુદી રમત પણ રમી શકાય.

એક વિદ્યાર્થી અન્ય વિદ્યાર્થીઓને સૂચના આપશે, જેમ કે – બીજી લાઈનમાં ઉપરથી ચોથો શબ્દ, ચોથી લાઈનમાં નીચેથી બીજો શબ્દ, વિમાનની જમણી બાજુનો શબ્દ. અન્ય વિદ્યાર્થીઓ શબ્દો લખશે. જેના બધા શબ્દો સાચા હોય તે વિજેતા.

બાળકોને બે મિનિટનો સમય આપી ઉપરના શબ્દોમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખવા કહેવું. એ જ રીતે 'જ'થી શરૂ થતા શબ્દ લખો જેવી જુદી જુદી રમતો રમાડી શકાય. નિર્ધારિત સમયમાં જે વધુ શબ્દ લખે તે વિજેતા.





વિદ્યાર્થીઓને બાળશબ્દકોશનો ઉપયોગ કેવી રીતે કરાય તે પ્રત્યક્ષ સમજાવવું. આવી બીજી ભાષિક રમતો રમાડવી.

# ૪. કાગડા કેટલા?




વાચનાલયમાંથી આવી બીજી ચિત્રવાર્તાઓ વાંચવા બાળકોને પ્રેરિત કરવાં.










## ચાલો, વાતચીત કરીએ



(૧) શું કાગડા ગણી શકાય?

(૨) તમને આ વાર્તામાં શું ગમ્યું? શા માટે?

(૩) તમે તેનાલી રામાને સ્થાને હોત તો શું કરત?

(૪) તેનાલી રામાએ કાગડા વિશે શું કહ્યું?

(૫) રાજાએ તેનાલી રામાને શું પ્રશ્ન પૂછ્યો?

♦ **વર્ગમાં આ વાર્તા તમારા શબ્દોમાં રજૂ કરો.**

(૬) એવી બીજી કઈ કઈ વસ્તુઓ છે જે ગણી ન શકાય?



વાચનાલયમાંથી તેનાલી રામાની બુદ્ધિ ચતુરાઈ વિષયક બીજા પુસ્તકો વાંચવા બાળકોને પ્રેરિત કરવા.

બાળમિત્રો, આપણે પહેલા ધોરણમાં શીખેલા જોડાક્ષરોનું પુનરાવર્તન કરીએ.

સ્ + ત = સ્ત અસ્ત | સ્ + મ = સ્મ વિસ્મય
બ્ + દ = બ્દ શબ્દ | ચ્ + છ = ચ્છ સ્વચ્છ
ટ્ + ટ = ટ્ટ ભટ્ટ | ક્ + ક = ક્ક અક્કલ

## ● હવે, બીજા કેટલાક જોડાક્ષરો શીખીએ

◆ જો 'ર' વર્ણની આગળ આવે તો તે બીજા વર્ણની ઉપર રેફ તરીકે આવે છે.

દા.ત. ર + ગ્ = ર્ગ વર્ગ | ર + મ્ = ર્મ ધર્મ

◆ જો 'ર' વર્ણની પાછળ આવે તો તે વર્ણના પેટમાં ઘૂસી જાય અથવા વર્ણની નીચે બે પાંખિયાના રૂપમાં આવે છે. દા.ત. ક્ + ર = ક્ર ક્રિયા | ટ્ + ર = ટ્ર ટ્રામ

◆ પરંતુ ઊભી રેખાવાળા અક્ષરની પાછળ આવે તો આ મુજબ થાય છે.

દા.ત. ખ્ + ર = ખ્ર ખ્રિસ્તી | પ્ + ર = પ્ર પ્રકાર

◆ હવે 'દ' સાથે બનતા જોડાક્ષરોનો અભ્યાસ કરીએ.

દા.ત. દ્ + દ = દ્દ મુદ્દો | દ્ + ધ = દ્ધ બુદ્ધ
દ્ + મ = દ્મ પદ્મ | દ્ + ર = દ્ર દ્રાક્ષ
દ્ + વ = દ્વ દ્વાર

◆ બાળમિત્રો, આપણે પહેલા ધોરણમાં સ્વર શીખ્યા છીએ. જેમાં એક સ્વર છે– 'ઋ' જે રીતે આ, ઈ વગેરે સ્વર પરથી શરૂ થતા શબ્દો પણ હોય છે જેમ કે આગગાડી, ઈમારત વગેરે અને એ સ્વર બીજા વ્યંજન સાથે માત્રા તરીકે જોડાય છે.

દા.ત. ક → આ = કા → કાગડો | છ → ઓ = છો → છોકરો

એ જ રીતે ઋ ની માત્રા છે 'ૃ' જે અક્ષરની નીચે મુકાય છે. દા.ત.-

ક્ → ઋ = કૃ કૃપા | પ્ → ઋ = પૃ પૃષ્ઠ | વ્ → ઋ = વૃ વૃક્ષ
ગ્ → ઋ = ગૃ ગૃહ | ન્ → ઋ = નૃ નૃપ | મ્ → ઋ = મૃ મૃગ


જોડાક્ષરની રચના અને ઉચ્ચાર તરફ બાળકોનું ધ્યાન દોરવું.

## ◆ ચાલો, વાંચીએ.



| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ધ્વજ | મૂલ્ય | ગુસ્સો | ધ્યેય | મૂર્તિ | ગૃહ | યુદ્ધ | ભ્રમણ |
| વસ્ત્ર | ન્યાય | હાસ્ય | ચર્ચા | માર્ગ | મૃગ | શ્રદ્ધા | ભ્રમર |
| શક્તિ | પટ્ટો | સામ્ય | તર્ક | વર્ણન | વૃક્ષ | આકૃતિ | ગ્રાહક |
| ફુગ્ગો | વિઘ્ન | રાજ્ય | સૂર્ય | ક્રમિક | કૃષિ | ક્રિયા | ગ્રહણ |
| ધન્ય | ગપ્પું | દ્રવ્ય | કાર્ય | વિક્રમ | દૃઢ | ગ્રંથ | નમ્રતા |
| વિદ્યા | લુચ્ચું | શિષ્ય | પર્વ | ધૃતિ | શુદ્ધ | પ્રગતિ | પ્રભાત |
| ખાદ્ય | સત્ય | સભ્ય | માર્ચ | કૃમિ | પદ્મા | પ્રવાસ | પ્રસિદ્ધ |

## ◆ ચાલો, લખીએ.



| | | | |
|---|---|---|---|
| વિદ્વાન | દર્દી | જાગૃતિ | પ્રાર્થના |
| રસ્સી | કીર્તિ | અમૃત | સમુદ્ર |
| કબડ્ડી | ધાર્મિક | તૃપ્ત | દ્રૌપદી |
| મચ્છર | દર્શન | પૃથ્વી | દ્વારકા |
| ગમ્મત | વર્ણન | પ્રશ્ન | દ્વેષ |

## ◆ ચાલો, વાંચીએ અને લખીએ.



વર્ગમાં શિસ્ત જાળવો.

ઘર, શાળા, પરિસર સ્વચ્છ રાખો.

પ્રાણીમાત્ર પર પ્રેમ રાખીએ.

ખોરાક અને પાણીનો દુર્વ્યય ન કરો.

બહારના ખાદ્યપદાર્થો હાનિકારક છે.

રોજ સૂર્યનમસ્કાર કરવા જોઈએ.





જોડાક્ષરયુક્ત શબ્દોના લેખન-વાંચનનો વિશેષ મહાવરો કરાવવો.

## ♦ નીચેનાં ચિત્રોને યોગ્ય ક્રમમાં ગોઠવી વાર્તા કહો.







આવી અન્ય ચિત્રકથા કથનનો મહાવરો કરાવવો. બાળકોને વાચનાલયમાંથી આવી બીજી ચિત્રવાર્તાઓ લઈ વાંચવા અને લખવા પ્રેરિત કરવા.

# ૫. કીડી

♦ ચાલો, ગાઈએ.



બાળકો, જુઓ આ કીડી નાની;
કામ કરે એ છાનીમાની;
નાની છે પણ કેવી શાણી;
લાવે એકેક કણ તાણી.

દરમાં બનાવે કણકોઠાર;
સંઘરે તેમાં કણ અપાર;
વર્ષાના દિન આવે જ્યારે;
કણ કોઠારના ખાય ત્યારે.



એકલ દોકલ ભલે એ ફરતી;
સંકટ સમે ભેગી થઈ લડતી;
શીખીએ જો કીડીની રીત;
સધાય તો ઝટ આપણું હિત.

– દાસબાબુ પટેલ





સૂર-તાલ અભિનય સહિત કાવ્ય ગવડાવવું. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો તરફ બાળકોનું ધ્યાન દોરવું. ચર્ચા દ્વારા સરળ શબ્દોમાં કાવ્યમાંથી મળતો બોધ સમજાવી તમને આ કાવ્યમાં શું ગમ્યું તે પૂછવું.

## ચાલો, વાતચીત કરીએ



(૧) કીડી અને માણસમાં શું સમાનતા છે ?

(૨) જો કીડી ખોરાકનો સંગ્રહ ન કરે તો શું થાય ?

(૩) કીડીની જેમ જ બીજાં કયાં પ્રાણી, જીવજંતુ ખોરાકનો સંગ્રહ કરે છે?

(૪) આ કાવ્યમાંથી આપણને શું શીખવા મળે છે?

(૫) તમે ઘણી બધી કીડીઓને એક સાથે કંઈ લઈ જતા જોઈ હોય તેનું વર્ણન કરો.

## ચાલો, લખીએ



### ♦ શિક્ષકની મદદથી બાળશબ્દકોશમાંથી નીચેના શબ્દોના અર્થ શોધો.

સંકટ – .......................... કોઠાર – ..........................

### ♦ એક શબ્દમાં જવાબ લખો.

(૧) કીડી કેવી છે? ..........................

(૨) કીડી કણકોઠાર ક્યાં બનાવે છે? ..........................

(૩) કીડી કણ શેમાં સંઘરે છે? ..........................

(૪) કીડી કેવી રીતે ફરે છે? ..........................

(૫) કીડી શું તાણી લાવે છે? ..........................

### ♦ ખાલી જગ્યા પૂરો.

(૧) કીડી નાની પણ .......................... છે.

(૨) કીડી .......................... માં કોઠાર બનાવે છે.

(૩) કીડી .......................... કામ કરે છે.

(૪) કીડી વર્ષા ઋતુમાં .......................... ના કણ ખાય છે.



ચર્ચામાં દરેક બાળકો સહભાગી થાય તે જોવું. બાળકો કૃતિ કરે ત્યારે તમારે માર્ગદર્શકની ભૂમિકા ભજવવી. બાળકો જાતે ઉત્તર શોધી શકે તેમાં સહાયક બનવું.

♦ **કાવ્યમાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.**

(૧) શાણી - ............ (૩) જ્યારે - ............

(૨) રીત - ............ (૪) ફરતી - ............

♦ **વિરામચિહ્નોનું પુનરાવર્તન કરીએ.**

**• પૂર્ણવિરામ** → દરેક વિધાન વાક્ય - સાદા વાક્યના અંતે વાક્ય પૂરું થયું છે તે બતાવવા પૂર્ણવિરામ મૂકવામાં આવે છે.

દા.ત. (૧) ઈલા દાખલા ગણ. (૨) ભરત પાઠ વાંચ.

♦ **આડાઅવળા શબ્દો ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવી અંતે પૂર્ણવિરામ (.) મૂકો.**

(૧) પી રસ રમણ ............

(૨) છે વણે આનંદ રોટલી ............

(૩) છાપું છે વાંચે બા ............

(૪) ક્રિકેટ નીતા છે રમે ............

♦ **પ્રાસયુક્ત શબ્દો લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| રણ → | → | | રાત → | → | |
| અમન → | → | | નાગ → | → | |
| કાગળ → | → | | નામ → | → | |

♦ **કોણ ક્યાં રહે?**

મધમાખી- ............ કીડી - ............ ઘોડો - ............

કરોળિયો - ............ પંખી - ............ સિંહ - ............

♦ **કીડી પાસેથી આપણે શું શીખવું જોઈએ?**

............

............

# ૬. દિશા







વિદ્યાર્થીઓને વર્ગમાં હોકાયંત્રના ઉપયોગનું પ્રાત્યક્ષિક કરાવવું.

જો આપણી પાસે હોકાયંત્ર ન હોય તો પણ આપણે સૂર્યની મદદથી દિશા જાણી શકીએ છીએ. સૂર્ય રોજ સવારે પૂર્વ દિશામાં ઊગે છે. પૂર્વ દિશા તરફ મોં રાખો તો જમણા હાથે દક્ષિણ દિશા અને ડાબા હાથે ઉત્તર દિશા અને પીઠ પાછળ પશ્ચિમ દિશા આવે. પૂર્વ દિશા જાણો એટલે બધી દિશાની ખબર પડે.




**♦ હોકાયંત્રની મદદથી અથવા તમારા શિક્ષકની મદદથી તમારા વર્ગમાં પૂર્વ દિશા કઈ છે તેની માહિતી મેળવી નીચેના પ્રશ્નોના ઉત્તર આપો.**

(૧) તમારા વર્ગમાં બોર્ડ કઈ દિશામાં છે?
(૨) વર્ગમાં દરવાજો કઈ દિશામાં છે?
(૩) વર્ગમાં બારીઓ કઈ દિશામાં છે?
(૪) વર્ગમાં પુસ્તકોનું કબાટ કઈ દિશામાં છે?
(૫) જો તમે પૂર્વ દિશા તરફ મોં કરીને ઊભા હો તો ડાબી બાજુએ કઈ દિશા આવશે?
(૬) ચાર દિશાના નામ આપો.
(૭) સૂર્ય કઈ દિશામાં ઊગે છે?
(૮) પૂર્વ અને પશ્ચિમમાં શું તફાવત છે?
(૯) દિશા બતાવતાં સાધનનું નામ શું?

**♦ વાલીની મદદથી તમારા ઘરની કઈ બાજુમાં સૂર્ય ઊગે છે, તે જાણી નીચેના પ્રશ્નોના જવાબ શોધો.**

(૧) તમારા ઘરમાં રસોઈ કઈ દિશામાં બને છે? ............................
(૨) તમારા ઘરમાં સ્નાનગૃહ કઈ દિશામાં છે? ............................
(૩) તમે કઈ દિશામાં બેસીને અભ્યાસ કરો છો? ............................

**♦ તમારા મિત્રને દિશા વિશે સમજાવતો નાનકડો સંવાદ તૈયાર કરો.**



શાળામાં જુદા જુદા વર્ગ, મેદાનમાં દિશાનો વિશેષ મહાવરો કરાવવો. વિદ્યાર્થીઓને વર્ગમાં તેમની બેઠક, વાંચનખૂણો, કબાટ સુધી કેવી રીતે પહોંચવું તેની સૂચના સહવિદ્યાર્થીને આપવા કહેવું. ઉદા. ચાર ડગલા આગળ ચાલો, જમણી બાજુ વળો, ત્રણ ડગલા સીધા ચાલો.

# ૭. ચાંદામામા

♦ **ચાલો, ગાઈએ.**



ચાંદા મામા, ચાંદા મામા,
મારી સાથે રમવા આવો,

રમવા આવો, જમવા આવો,
સરસ વાતો કરવા આવો ... ચાંદામામા



સંતાકૂકડી, ડાહીનો ઘોડો,
રમત રમીશું, ગમ્મત કરીશું,

ઘીની પોળી, દૂધ ને પૌંઆ,
ખાઈ પીને મજા કરીશું... ચાંદામામા



સૂરજ, તારા, મેઘકડાકા,
વાદળ, વીજની વાતો કરીશું,

ચાંદામામા, ચાંદામામા,
મારી સાથે રમવા આવો.

– સુન્દરમ્



## ચાલો, વાતચીત કરીએ



(૧) તમે રાત્રે ચાંદો જોયો છે? તે કેવો દેખાય છે?

(૨) જો ચાંદો તમારા ઘરે આવે, તો તમે શું કરશો?

(૩) શું તમને લાગે છે ચાંદો ખરેખર પૃથ્વી પર આવી શકે?

(૪) તમને ચાંદો ગમે છે? કેમ?

(૫) કાવ્યમાંથી ખુશી દર્શાવતા શબ્દો શોધો.

(૬) કાવ્યમાંથી તમને ગમતી પંક્તિ કઈ? શા માટે?



'ચાંદામામા' કાવ્ય સૂરતાલ-અભિનય સહિત ગવડાવવું. કાવ્યમાં આવેલા અપરિચિત શબ્દોનો અર્થ શોધવા બાળશબ્દકોશનો ઉપયોગ કરતા શીખવવું.

# ચાલો, લખીએ



## ♦ યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(૧) કાવ્યમાં બાળક કોને બોલાવે છે? (અ) સૂરજને (બ) તારાને (ક) ચાંદાને

(૨) બાળક ચાંદાને શા માટે બોલાવે છે? (અ) ફરવા (બ) રમવા (ક) ભણવા

## ♦ લખો.

(૧) બાળકને ચાંદામામા સાથે શું કરવું છે?

(૨) શું જમવું છે?

(૩) શું રમવું છે?

(૪) શેની વાતો કરવી છે?

## ♦ નીચેના શબ્દોને યોગ્ય ખાનામાં લખો.

(ઘીની પોળી, ડાહીનો ઘોડો, દૂધને પૌંઆ, સૂરજ, સંતાકૂકડી, તારા, વાદળ, વીજળી)

| રમત | ખાદ્ય પદાર્થ | કુદરતી તત્વો |
|---|---|---|
| | | |

## ♦ જુઓ, અનુસ્વારના તફાવતથી અર્થ બદલાય છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | બંગલો | - રહેવાનું મકાન | બગલો | - | એક પક્ષી |
| (૨) | જંગ | - યુદ્ધ | જગ | - | પાણી ભરવાનું પાત્ર |
| (૩) | ઉંદર | - એક પ્રાણી | ઉદર | - | પેટ |
| (૪) | સંત | - સાધુ | સત | - | સત્ય |
| (૫) | કૂંચી | - ચાવી | કૂચી | - | ગલી, મહોલ્લા |
| (૬) | રંજ | - અફસોસ | રજ | - | ધૂળ |
| (૭) | હંસ | - એક પક્ષી | હસ | - | હસવું |
| (૮) | ઢંગ | - રીતભાત | ઢગ | - | ઢગલો |
| (૯) | દંડો | - લાકડી | દડો | - | ગોળાકાર રમકડું |
| (૧૦) | સાંજ | - સંધ્યાકાળ | સાજ | - | ઉપયોગી સામાન |

## ♦ વિરામચિહ્નોનું પુનરાવર્તન કરીએ.

**?** **પ્રશ્નાર્થચિહ્ન** → વાક્યમાં શું, કોણ, ક્યાં, કેવું, કેટલું વગેરે શબ્દો દ્વારા પ્રશ્ન પૂછવામાં આવ્યો હોય ત્યારે વાક્યના અંતે પ્રશ્નચિહ્ન મૂકવામાં આવે છે.

દા.ત. આ પુસ્તક કોનું છે? તમારું નામ શું છે?





વિરામચિહ્નોનો વિશેષ મહાવરો કરાવવો.

♦ **નીચેનાં વાક્યો ફરી લખી યોગ્ય વિરામચિહ્ન (. અથવા ?) મૂકો.**

(૧) મરચું કેવું લાગે ..............................

(૨) તોરલ દોડે છે ..............................

(૩) દરજી કોટ સીવે છે ..............................

(૪) તમે શું કરો છો ..............................

♦ **તમે ચાંદામામા સાથે કઈ કઈ રમતો રમશો?**

..............................

♦ **મૂળજીભાઈ ભક્ત રચિત કાવ્ય 'અમે તો ફેરફૂદરડી ફરતાં'તા' અભિનય સહિત ગાઓ.**

♦ **પ્રાસયુક્ત શબ્દોનો ઉપયોગ કરી તૈયાર કરલાં જોડકણાંનો અભ્યાસ કરીએ.**

શાહમૃગ છે પંખી મોટું,
પણ ઊડવાનું ના જાણે,
ફાળ ભરતું ભાગી જાતું,
પછી એને પકડવું શાને?

જ્ઞાન ભર્યું દુનિયાભરનું,
છતાં વજનમાં હલકું,
ભાર વિનાનું દફતર મારું,
સાથે લઈને મલકું.

♦ **નીચેનાં જોડકણાં પૂરાં કરો.**

(૧) સંતાકૂકડી ને પકડાપકડી;
ચાલોને રમીએ ............. ,
રમતાં રમતાં ભલેને પડીએ;
ક્યારેય અમે ના ............. .

(૨) આવો ભૌતિક, ભાવેશ ને ભારતી;
આવો આકાશ, અજય ને ............. ,
સાથે મળી સૌ શાળાએ જઈએ;
ભણીએ ગણીએ ને આગળ ........... .

## ભારતની શાન









દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને અહીં આપેલાં વ્યક્તિ-વિશેષ, તેમની ઉપલબ્ધિ વિશે બાળકોને માહિતી આપવી. અહીં આપેલા ફોટાને સ્માર્ટફોન વડે સ્કૅન કરવાથી તેમના વિશેની માહિતી ગુજરાતીમાં મળી શકે છે તે વર્ગમાં પ્રત્યક્ષ કરી બતાવવું.

# ૮. આપણા તહેવારો















અહીં આપેલા દરેક તહેવાર, તેની વિશેષતા, તે શા માટે ઉજવવામાં આવે છે? તેની ઉજવણી કઈ રીતે થાય છે તે વિશે વિદ્યાર્થી સાથે સવિસ્તાર ચર્ચા કરવી.









ઉત્સવો ભારતીય સંસ્કૃતિનું અભિન્ન અંગ છે, તે જણાવવું. ઉત્સવોમાં દરેકના સહભાગથી સર્વધર્મ સમભાવ તથા રાષ્ટ્રીય એકાત્મતા જળવાય છે તે તરફ ધ્યાન દોરવું. રાષ્ટ્રીય તહેવારો, તેના મહત્વ વિશે વિદ્યાર્થીઓને સવિસ્તર માહિતી આપવી.

## ♦ ચાલો, બોલીએ.

(૧) તમે ક્યા ક્યા તહેવારો ઊજવો છો ?

(૨) તમારા પરિસરમાં ક્યા તહેવારો ઉજવાય છે ?

(૩) જન્માષ્ટમી કયા મહિનામાં ઉજવવામાં આવે છે?

(૪) ૨૬મી જાન્યુઆરીએ પરેડ કયાં યોજાય છે?

## ♦ પતંગ/દીવો દોરી તેમાં રંગ પૂરો.

## ♦ નમૂના પ્રમાણે તહેવારોની વિશેષતા લખો.

દિવાળી → મીઠાઈ

હોળી

નાતાલ

ઉતરાણ

## ♦ ચિત્રમાંના કોઈપણ એક તહેવાર વિશે ત્રણ-ચાર વાક્યો લખો.



દરેક બાળક ચર્ચામાં સહભાગી થાય તે જોવું. ચર્ચા દરમિયાન દરેક તહેવારની સાથે જોડાયેલા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ તરફ બાળકોનું ધ્યાન દોરવું. જેમકે - શરદપૂર્ણિમાંની રાત્રે ચંદ્રની ચાંદનીમાં રાખેલા દૂધપૌંઆ આરોગ્યપ્રદ છે. આપેલી કૃતિ કરતી વખતે શિક્ષકે સહાયકની ભૂમિકા ભજવવી.

# ૯. આળસુ કાગડો





એક હતો કાગડો અને એક હતી કાબર. બંનેની દોસ્તી થઈ. કાબર ભલી અને ભોળી હતી જ્યારે કાગડો બહુ પાકો હતો. બંને જણાએ ખેતર ખેડીને દાણા ઉગાડવાનું નક્કી કર્યું, જેથી આખું વરસ ચણવા ન જવું પડે અને નિરાંતે ખાઈ શકાય. ખેતીના કામ માટે જ્યારે જ્યારે કાબર કાગડાને બોલાવવા જાય ત્યારે કાગડો બહાનાં કાઢે.

કાબર : ચાલો, કાગડાભાઈ ખેડવા જઈએ.

કાગડો : ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.

કાબર : ચાલો, કાગડાભાઈ વાવવા જઈએ.

કાગડો : ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.

કાબર : ચાલો, કાગડાભાઈ નીંદવા જઈએ.

કાગડો : ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.

કાબર : ચાલો, કાગડાભાઈ ઊપણવા જઈએ.

કાગડો : ઠાગાઠૈયા કરું છું, ચાંચુડી ઘડાવું છું, જાઓ, કાબરબહેન કાલે સવારે આવું છું.

છેવટે ભાગ વહેંચવાનો વખત આવ્યો, દાણાનો ઢગલો નાનો અને ભૂંસાનો ઢગલો મોટો હતો. કાબરે તેના પર થોડો બાજરો નાંખી દીધો. કાગડાભાઈ તો વહેલા વહેલા આવ્યા.

કાબર : લઈ લો કાગડાભાઈ તમારો ભાગ.

કાગડો તો આ મોટો ભાગ મારો, એમ કહી મોટા ઢગલા ઉપર જઈ બેસી ગયો. કાગડાભાઈ ભૂંસામાં ખૂંપી ગયા.

♦ બાળમિત્રો, આ વાર્તાનો અંત બદલીને વર્ગમાં રજૂ કરો.

આવી બીજી વાર્તાઓ વાંચવા બાળકોને પ્રેરિત કરવા.

## ચાલો, વાતચીત કરીએ



(૧) તમે કાગડા અને કાબરમાંથી કોનાં જેવાં બનવાનું પસંદ કરશો?

(૨) તમારો મિત્ર કોઈ કામ માટે બહાનાં કાઢે તો તમે શું કરશો?

(૩) આ પાઠમાંથી આપણને શું શીખવા મળે છે?

(૪) છેવટે કાબરે કરેલા બંને ઢગલામાં શું તફાવત હતો?

## ચાલો, લખીએ



♦ **શબ્દકોશમાંથી નીચેના શબ્દના અર્થ શોધો.**

ઠાગાઠૈયા .................... ખૂંપવું ....................

♦ **કૃતિના આધારે લખો.**

(૧) કાબર કેવી હતી? ....................

(૨) કાગડો કેવો હતો? ....................

(૩) બંને જણાએ શું નક્કી કર્યું? ....................

(૪) છેવટે કાબરે કેટલા ઢગલા કર્યા? ....................

(૫) કાગડાએ ક્યો ઢગલો પસંદ કર્યો? ....................

(૬) દર વખતે કાગડો શું બહાનું કાઢતો? ....................

♦ **કાબરબેન કાગડાને જે કામ માટે બોલાવવા ગયા, તેને યોગ્ય ક્રમમાં ગોઠવી ફરી લખો.**

ઊપણવા, વાવવા, ખેડવા, નીંદવા – ....................

♦ **સાંભળો અને લખો.**

....................



બાળકોને ત્રણથી ચાર નાના સરળ વાક્યો સ્પષ્ટ ઉચ્ચાર સહિત બોલી સંભળાવવા અને તેમને લખવા કહેવું.

## ફકરો વાંચીને સાચા જવાબ પર વર્તુળ કરો.

ડૉક્ટર ગાંધી બગીચામાં પાટલી પર બેઠા છે. તેમણે જોયું કે વ્યોમ રડી રહ્યો છે.

**ડૉક્ટર** : તું શા માટે રડે છે?

**વ્યોમ** : કાકા, મને ઘૂંટણમાં ઈજા થઈ છે. હું ઊભો થઈ શકું તેમ નથી.

**ડૉક્ટર** : રડીશ નહીં. હું તને દવાખાને લઈ જઈશ.

દવાખાને નર્સે તેના જખમને સાફ કરીને દવા લગાવી. તે વ્યોમ સામે હસી.

**નર્સ** : હવે તને સારું લાગે છે?

**વ્યોમ** : હા મને સારું લાગે છે. તમારો આભાર.

ડૉક્ટર વ્યોમને ઘરે લઈ ગયા.

(૧) વ્યોમ શા માટે રડતો હતો?

(અ) તે એકલો હતો.

(બ) તે ડરેલો હતો.

(ક) તેને ઈજા થઈ હતી.

(૨) ડૉક્ટર ગાંધીએ શું કર્યું?

(અ) વ્યોમને દવા આપી.

(બ) ‘વ્યોમને દવાખાને લઈ ગયા.

(ક) વ્યોમને પીપર આપી.

(૩) ડૉક્ટર ગાંધી ક્યાં બેઠા હતા ?

(અ) ઘરમાં

(બ) દવાખાનામાં

(ક) બગીચામાં

(૪) વ્યોમને ............ દુ:ખતું હતું.

(અ) માથામાં

(બ) હાથમાં

(ક) ઘૂંટણમાં

(૫) છેલ્લે ડૉક્ટર વ્યોમને......... લઈ ગયા.

(અ) ઘરે

(બ) દવાખાને

(ક) બગીચામાં

(૬) કોણે જખમ સાફ કરી દવા લગાવી ?

(અ) ડૉક્ટરે

(બ) નર્સે

(ક) મમ્મીએ



આવી અન્ય કૃતિઓ તૈયાર કરી વિશેષ મહાવરો કરાવવો.

♦ નીચે એક જ કુટુંબનાં બે નામો આપ્યાં છે, બીજાં નામ લખો.

| | | | |
|---|---|---|---|
| પોપટ → | કોયલ → | ................................ → | ................................ |
| હાથી → | જિરાફ → | ................................ → | ................................ |
| પીપળો → | વડ → | ................................ → | ................................ |
| આંખ → | કાન → | ................................ → | ................................ |

♦ મને મારા ખોરાક સુધી પહોંચાડો.





આવી અન્ય કૃતિઓ તૈયાર કરી વિશેષ મહાવરો કરાવવો.

# ૧૦. દડો

♦ ચાલો, ગાઈએ.



દડો રૂપાળો કેવો મારો;
દડૂક દડૂક દડે;
ઊંચો જો ઉછાળું તો તો;
આકાશે જઈ અડે. દડો...





ચાંદા જેવો સૂરજ જેવો;
ગોળ ગોળ ગબડે;
વાંકોચૂકો સીધો જાતો;
ગડગડ ગબડી પડે. દડો...



ચાંદો સૂરજ આભે દડતા;
એને કોણ નડે;
જો દડો આ ગબડાવું તો;
કંઈ કંઈ વચમાં અડે. દડો...



ભોંય પછાડું તોયે પાછો;
ઊછળી ઊંચો ચડે;
જ્યાં નાખું ત્યાં જાય ગબડતો;
મઝા મને બહુ પડે. દડો...

– ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

સૂરતાલ અભિનયસહ ગીત ગવડાવવું. કાવ્યમાં આવેલા જોડશબ્દો-પ્રાસયુક્ત શબ્દો તરફ બાળકોનું ધ્યાન દોરવું.

## ચાલો, વાતચીત કરીએ



(૧) રમત કેટલા પ્રકારની હોય છે?
(૨) તમને મેદાનમાં રમવું ગમે કે ઘરમાં ? શા માટે ?
(૩) દડાથી રમાતી કઈ રમત તમને ગમે છે ?
(૪) રમતથી થતા ફાયદા જણાવો.
(૫) કાવ્યમાં કવિએ ચાંદા, સૂરજ અને દડામાં શું સમાનતા દર્શાવી છે.
(૬) કાવ્યમાં કવિએ ચાંદા, સૂરજ અને દડામાં શું તફાવત દર્શાવ્યો છે?

## ચાલો, લખીએ



♦ **નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો લખો.**

(ભોંય, આકાશ, સૂરજ, મઝા, ચાંદો, રૂપાળો)

(૧) ગગન - ............ (૩) આનંદ - ............ (૫) સુંદર - ............
(૨) જમીન - ............ (૪) રવિ - ............ (૬) ચંદ્ર - ............

♦ **ખાલી જગ્યા પૂરો.**

(૧) ચાંદો સૂરજ ............ દડે છે.
(૨) દડાને ગબડાવતા ............ વચ્ચે અડે છે.

♦ **એક શબ્દમાં જવાબ લખો.**

(૧) દડો કેવી રીતે દડે છે? ............
(૨) દડો કેવો છે? ............
(૩) દડો કોના જેવો છે? ............
(૪) દડો કેવી રીતે જાય છે? ............

દડો શું કરે છે?
- ભોંયે પછાડો તો → ............
- જ્યાં નાખો ત્યાં → ............
- ઊંચે ઉછાળતાં → ............


ચર્ચામાં દરેક બાળકો સહભાગી થાય તે જોવું. બાળકો કૃતિ કરે ત્યારે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

♦ **કૌંસમાંથી શબ્દ લઈ રમતનું નામ પૂરું કરો.** (પીપળી, દંડા, પકડી, સીડી)

| | | | |
|---|---|---|---|
| સાપ | આંબલી | ગિલ્લી | પકડા |

♦ **નમૂના મુજબ ખાલી જગ્યામાં યોગ્ય અક્ષર મૂકી બનતો શબ્દ વાંચો.**

(૧) અ ડે  (૨) ડે  (૩) ડે  (૪) ડે  (૫) ડે

♦ **દડા વડે રમાતી બીજી રમતના નામ લખો.**

♦ **'મારી પ્રિય રમત' વિશે ત્રણથી ચાર વાક્ય બોલો.**



♦ **નીચેના ચિત્રનું નિરીક્ષણ કરી જુદા જુદા દડા વડે રમાતી રમતો વિશે જાણો.**



## ચાલો, ગાઈએ



જયપુરના **રાજાની** વાહ ભાઈ વાહ (૨)

જયપુરના રાજાના **રાણીની** વાહ ભાઈ વાહ.

જયપુરના રાજાના રાણીના **કુંવરની** વાહ ભાઈ વાહ.

જયપુરના રાજાના રાણીના કુંવરની **બિલાડીની** વાહ ભાઈ વાહ.

જયપુરના રાજાના રાણીના કુંવરની બિલાડીની **પૂંછડીની** વાહ ભાઈ વાહ.

જયપુરના રાજાના રાણીના કુંવરની બિલાડીની પૂંછડીની **ટોચની** વાહ ભાઈ વાહ.

જયપુરના રાજાના રાણીના કુંવરની બિલાડીની પૂંછડીની ટોચના **ટપકાંની** વાહ ભાઈ વાહ.

## ♦ ચાલો, ભાષાની મજા માણીએ.

### ઝડપથી સતત બોલો.



પાંચ પાપડ કાચા કાકા;
પાંચ પાપડ પાકા કાકા;
પાકા પાકા રાખો કાકા;
કાચા પાછા આપો કાકા.

### આગળ અને પાછળથી વાંચો.



| | | | |
|---|---|---|---|
| કડક | ઉડાઉ | જાડેજા | નવીન |
| રબર | કણક | નમન | મલમ |
| ટોરંટો | રૂબરૂ | કટક | નવજીવન |
| દરદ | જહાજ | લાડીલા | મલયાલમ |

## કહો, હું કોણ છું ?



ચૂં ચૂં ચૂં ચૂં કરું છું,
ઘરમાં બધે ફરું છું,
જે મળે તે ખાઉં છું,
કપડાં કાપી જાઉં છું.



લાંબું લાંબું નાક છે,
ઝીણી મારી આંખ છે,
સૂપડાં જેવા કાન છે,
થાંભલા જેવા પગ છે.



કાંટાવાળો છોડ છે,
જેના સુગંધી છે ફૂલ,
રાતાં પીળાં ધોળાં થાતાં,
એના છે અમૂલા મૂલ.



એક પશુ જે બીકણ ભારે,
વનવગડામાં રહેતું,
ડીલ સુંવાળું, મોટા કાન,
ઝાડીમાંથી જે જોતું.







આવા બીજા ઉખાણાંઓ પૂછવા. આ ઉખાણાંઓ એક બાળક અભિનય સહિત રજૂ કરે અને બીજા બાળકો ઉકેલે તેવી કૃતિ કરાવવી. બાળકોને ઘરે જઈ તેમના વાલી, ભાઈ-બહેનને ઉખાણાં પૂછવાં કહેવું. 'જયપુરના રાજા' જેવું જોડકણું તૈયાર કરાવવું.

# ૧૧. ઊંટના અઢાર અંગ વાંકા

જંગલમાં પશુ ને પંખી ભેગાં થયાં. તેમાં કૂતરું હતું, ભેંસ હતી, હાથી હતો, વાઘ હતો, શિયાળ હતો, પોપટ હતો અને બગલો હતો. એવામાં દૂરથી ઊંટ દેખાયું, બધાં કહે, ચાલો, આપણે ઊંટને મળીએ. એની સાથે રમીએ.

કૂતરું કહે, 'મારી સાથે રમશો, ઊંટભાઈ?'

ઊંટ કહે, 'જા રે જા. તારી પૂંછડી તો જો. એ કેવી વાંકી છે! તારી સાથે કોણ રમે?'

ભેંસ કહે, 'મારી સાથે રમશો, ઊંટભાઈ?'

ઊંટ કહે, 'જા રે જા, તારાં શિંગડાં તો જો. એ કેવાં વાંકાં છે! તારી સાથે કોણ રમે?'

હાથી કહે, 'મારી સાથે રમશો, ઊંટભાઈ?'

ઊંટ કહે, 'જા રે જા. તારી સૂંઢ તો જો. એ કેવી વાંકી છે! તારી સાથે કોણ રમે?'

વાઘ કહે, 'મારી સાથે રમશો ઊંટભાઈ?'

ઊંટ કહે, 'જા રે જા, તારા નખ તો જો, એ કેવા વાંકા છે! તારી સાથે કોણ રમે?'

પોપટ કહે, 'મારી સાથે રમશો, ઊંટભાઈ?'

ઊંટ કહે, 'જા રે જા. તારી ચાંચ તો જો. એ કેવી વાંકી છે! તારી સાથે કોણ રમે?'

બગલો કહે, 'મારી સાથે રમશો, ઊંટભાઈ?'

ઊંટ કહે, 'જા રે જા. તારી ડોક તો જો. એ કેવી વાંકી છે! તારી સાથે કોણ રમે?'



વિદ્યાર્થીઓને યોગ્ય આરોહ-અવરોહ સાથે પ્રગટવાંચન કરાવવું.

દૂર ઊભું શિયાળ આ વાતચીત સાંભળતું હતું.

શિયાળ હસીને કહે, ‘જરા પોતાના તો અંગ નીરખો, ઊંટભાઈ! તમારી ડોક વાંકી છે. તમારું મોં વાંકું છે. તમારા પગ વાંકા છે. તમારું પૂંછડું વાંકું છે. તમારો બરડો વાંકો છે. તમારાં અઢારે અંગ વાંકાં છે. તમારી સાથે કોણ રમશે?’



## ચાલો, વાતચીત કરીએ



(૧) તમને ખબર હોય તે પ્રાણીઓનાં અને પક્ષીઓનાં નામ કહો.

(૨) પ્રાણીઓના કેટલા પ્રકાર છે?

(૩) આપણાં રાષ્ટ્રીય પ્રાણી અને રાષ્ટ્રીય પક્ષીનાં નામ કહો.

(૪) જુદાં જુદાં પ્રાણી અને પક્ષીની વિશેષતા વિશે વર્ગમાં ચર્ચા કરો.

(૫) આ પાઠમાં તમને શું ગમ્યું? શું ન ગમ્યું તે કારણ સહિત જણાવો.

## ચાલો, લખીએ



♦ **નીચેના શબ્દો માટે પાઠમાં વપરાયેલા શબ્દો શોધો.**

(જંગલ, મોં, પંખી, પશુ, અંગ, ડોક)

| | | |
|---|---|---|
| અવયવ – ........ | વન – ........ | પ્રાણી – ........ |
| ગરદન – ........ | પક્ષી – ........ | મોઢું – ........ |

♦ **નીચેના શબ્દો સુધારીને લખો.**

(૧) શીંગળા – ........

(૨) શીયાળ – ........

(૩) પુછળી – ........

(૪) અઠાર – ........



ચર્ચામાં દરેક બાળકો સહભાગી થાય તે જોવું.

## ♦ આકૃતિબંધ પૂર્ણ કરો.




## ♦ કોનું શું વાંકું તેની યોગ્ય જોડી જોડો.

| | |
|---|---|
| (૧) કૂતરો | (અ) શિંગડાં |
| (૨) વાઘ | (આ) ચાંચ |
| (૩) પોપટ | (ઇ) નખ |
| (૪) ભેંસ | (ઈ) પૂંછડી |
| (૫) હાથી | (ઉ) ડોક |
| (૬) બગલો | (ઊ) સૂંઢ |



## ♦ 'કેવો', 'કેવી', 'કેવું' માંથી યોગ્ય શબ્દ લખો.

| | | | |
|---|---|---|---|
| ........ પૂંછડી | ........ કૂતરું | ........ બગલો | ........ મોં |
| ........ ચાંચ | ........ શિયાળ | ........ હાથી | ........ ઘોડો |

## ♦ નીચેના ચિત્રો માટે વપરાતા જુદા જુદા શબ્દો બાળશબ્દકોશમાંથી શોધીને લખો.



મા – ......................



પુષ્પ – ......................



કર્ણ –......................



ચરણ- ....................



વૃક્ષ - ....................



નયન- ....................

♦ **તમારા પરિસરમાં જોવા મળતાં પશુ અથવા પક્ષી વિશે બે-ત્રણ વાક્યો લખો.**

## ચાલો, વાંચીએ



બાળમિત્રો, આ પાઠમાં આપણે ઊંટના વાંકા અંગો વિશે માહિતી મેળવી. પરંતુ વિષમ વાતાવરણમાં રહેતાં ઊંટ ઘણી વિશિષ્ટતા ધરાવે છે. ઊંટને રણનું જહાજ કહેવાય છે. ઊંટના પગ લાંબા અને પગનાં તળિયાં ગાદીવાળા હોય છે. તેનાથી તે ગરમ રેતીમાં પણ ૬૦ કિલોમીટરની ઝડપે દોડી શકે છે. ગરમી, પવન અને ઊડતી રેતીથી બચવા ઊંટની આંખ પર બે પોપચાં હોય છે અને કાન ઉપર વાળ હોય છે. કુદરતી રીતે તેના શરીરમાં પાણીનો સંગ્રહ થતો હોવાથી ઊંટ દિવસો સુધી પાણી વગર ચલાવી શકે છે. ઊંટ શાકાહારી છે અને તે 'આકડો' નામની વનસ્પતિ સિવાય બધી જ વનસ્પતિ ખાય છે. ઊંટ ૧૦૦ લિટરથી વધુ પાણી એક સાથે પી શકે છે. ઊંટની માદાનું (સાંઢણીનું) દૂધ ઔષધિ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

♦ **ઊંટ એક સાથે કેટલું પાણી પી શકે છે?**

♦ **ઊંટને શું કહેવાય છે?**

♦ **પરિચ્છેદના આધારે પોતાની ભાષામાં ઊંટની વિશેષતા વર્ણવો.**

♦ **ચાલો, સાંભળીએ :** કવિ દલપતરામ રચિત 'ઊંટ કહે...' કાવ્ય સાંભળો.

♦ **તમને ગમતાં પ્રાણીઓને પાત્ર તરીકે લઈ વાર્તા તૈયાર કરો**



સાત-સાત બાળકોનાં જૂથ પાડી સંવાદ કરાવવો. દરેક બાળકોને સંવાદ પ્રસ્તુત કરવાનો મોકો મળે તે જોવું.

## ♦ ચાલો પ્રાણીઓ વિશે લખીએ.

| પાળી શકીએ તેવાં | જંગલમાં રહેનારાં | દૂધ લઈએ છીએ તેવાં | સવારી થાય તેવાં |
|---|---|---|---|
| | | | |

| શીંગડાંવાળાં | દરમાં રહેનારાં | ભાર ઉપડાવીએ છીએ તેવાં | ગાડીમાં જોડીએ છીએ તેવાં |
|---|---|---|---|
| | | | |

## ♦ અવાજ ઓળખી નામ લખો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ડ્રાંઉં ડ્રાંઉં | ........ | હોંચી હોંચી | ........ | હૂપ હૂપ | ........ |
| કૂકડે કૂક | ........ | હાઉ હાઉ | ........ | મ્યાઉં | ........ |
| કા..કા.. | ........ | અંભાં અંભાં | ........ | ચીં..ચીં.. | ........ |

## ♦ વિચારો અને બોલો.

(૧) પ્રાણીઓ ન હોય તો આપણને શું તકલીફ પડે? (૨) તમે ક્યું પ્રાણી પાળશો? શા માટે?

## ♦ ચાલો, તફાવત શોધીએ





## ♦ નીચેના ચિત્રનું વર્ણન કરો.





આવી અન્ય કૃતિઓનો વિશેષ મહાવરો કરાવવો.

# ૧૨. વાચનાલય

♦ બાળકો, નીચેના ચિત્રનો અભ્યાસ કરીએ.




♦ વાચનાલયમાં શું શું હોય છે?
♦ વાચનાલયમાં મૂકવા માટે સૂચના તૈયાર કરો.
♦ ચિત્રમાં દર્શાવેલી કઈ પ્રવૃત્તિઓ વાચનાલયમાં કરવી અયોગ્ય છે શા માટે ?
♦ વાચનાલયમાં ડાબી બાજુના ત્રીજા નંબરના ચિત્રમાં શું દર્શાવ્યું છે?
♦ પૃષ્ઠનિશાની (બુકમાર્ક) બનાવો.

આપેલા ચિત્રવર્ણન વિશે વર્ગમાં ચર્ચા દ્વારા વિદ્યાર્થીઓને વાચનાલયમાં શું કરવું / શું ન કરવું તે વિશે વિગતવાર સમજાવવું. વાચનાલયના પુસ્તકોની યોગ્ય જાળવણી કરવા પ્રેરિત કરવા.

# ૧૩. શાકવાળી આવી

લ્યો શાકવાળી આવી;
લ્યો શાકવાળી આવી,
સુરતથી શાકવાળી આવી;
મૂળા મજાના લાવી. લ્યો...



દૂધી તો દિલરંગી ને;
કોબી છે કુમળી,
સુરતની પાપડી લાવી;
તુવરસીંગ લાવી. લ્યો...

ગુણિયલ ગલકાં ને;
તૂરિયાં ટમેટાં,
વલસાડી વાલોળ લાવી;
વટાણા હું લાવી. લ્યો...

પરવળ, કંટોળાં;
રીંગણ, ટીંડોરાં,
ભીંડા ભરૂચના લાવી;
ભાજી હું તાજી લાવી. લ્યો...

ફણસી, ફુલેવર;
કારેલાં ને ગુવાર,
વઢવાણી મરચાં લાવી;
કોથમીર આદું લાવી. લ્યો...

– ગણપતરામ વ્યાસ



સૂરતાલ અને અભિનય સહિત કાવ્યનું ગાન કરાવવું. બાળકોને તમને આ કાવ્યમાં શું ગમ્યું? શા માટે? જેવા પ્રશ્નો પૂછવા.

## ચાલો, વાતચીત કરીએ



(૧) તમે ક્યાં ક્યાં શાકભાજી ખાઓ છો?

(૨) શાકભાજી કેટલાં પ્રકારનાં હોય છે?

(૩) આપણે શાકભાજી શા માટે ખાવાં જોઈએ ?

(૪) કંદમૂળ એટલે શું?

(૫) કાવ્યમાં ન આવેલાં શાકભાજીનું નામ ઉમેરી કાવ્યમાં ચાર પંક્તિ ઉમેરો.

### ♦ જોડકાં જોડો.

| શહેર | શાક | શાક | સ્વાદ |
|---|---|---|---|
| સુરત | ભીંડા | કારેલાં | તૂરાં |
| ભરૂચ | મરચાં | આમળાં | કડવાં |
| વઢવાણ | વાલોળ | મરચાં | ખાટાં |
| વલસાડ | પાપડી | લીંબુ | તીખાં |

### ♦ શિક્ષકની મદદથી બાળશબ્દકોશમાંથી નીચેના શબ્દોના અર્થ શોધો.

કુમળી – ..............................  ગુણિયલ – ..............................

## ચાલો, લખીએ



### ♦ નીચેના શબ્દોમાં છુપાયેલા નાના શબ્દો શોધીને લખો.

| | | |
|---|---|---|
| દિલરંગી – .................... | રીંગણ – .................... | ફૂલેવર – .................... |
| ભરૂચ – .................... | ગુવાર – .................... | વલસાડી – .................... |

### ♦ કાવ્યમાંથી શોધીને નામ લખો.

| | |
|---|---|
| શહેર | |
| કંદમૂળ | |
| દાણાવાળા શાક | |
| પાંદડાંવાળી ભાજી | |
| સલાડમાં ખવાતાં શાક | |



બાળકો અહીં આપેલી કૃતિ કરે ત્યારે સહાયકની ભૂમિકા ભજવવી. ચર્ચા કરતી વખતે દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને જુદાં જુદાં શાકભાજી ક્યાં ઉગે છે તે દર્શાવવું. ઘણાં શાકભાજી ઘરે પણ સરળતાથી ઉગાડી શકાય છે તે વિશે માહિતી આપવી.

♦ આપેલા શબ્દોની પાછળ 'લો', 'લી' અથવા 'લું' લગાડી શબ્દ બનાવો.

| | | | |
|---|---|---|---|
| (૧) દાખ લો | (૩) ઓટ | (૫) ચાંદ | (૭) આમ |
| (૨) ઝભ | (૪) ટપા | (૬) પગ | (૮) થાંભ |

♦ કાવ્યમાં શાકવાળી વિશે તમને શું ગમ્યું ?

♦ ચાલો, અભિનય કરીએ

જુદાં જુદાં શાકભાજીની ટોપલી તૈયાર કરી એક બાળક શાકભાજી વિક્રેતા બનશે. બીજાં બાળકો ગ્રાહક બનશે અને શાકભાજી ખરીદી સંબંધી સંવાદ કરશે. બાળકોના અભ્યાસ માટે બજારમાં મળતી પ્લાસ્ટિકની ચલણી નોટોનો ઉપયોગ કરી શકાય.

♦ નીચેના રસથાળમાં તમે ખાતા હો તે વાનગીનાં નામ લખો.

જલેબી-ફાફડા, ઢોકળાં, થેપલા, ખાખરા, ખાજલી,
ઘૂઘરા, ગાંઠિયા, લોચો, ઊંધિયું



♦ ચિત્રના આધારે તૈયાર કરેલ જોડકણાંનો અભ્યાસ કરો.



ઊંડું પાણી કુંજનું,
ઉપર લેવા કાજ;
કંકર નાંખી કાગડે,
પાણી પીધું આજ.

જે જન મશ્કરી કરવા જાય,
મોડો વહેલો તે સપડાય;
જૂઠાણું જલદી પકડાય,
આખર જૂઠો જન પસ્તાય.





જુદાં જુદાં શાકભાજીમાંથી મળતા વિવિધ પોષકતત્વો અને તેની ખામીથી થતા રોગો વિશે માહિતી આપી બધાં શાકભાજી ખાવા પ્રેરિત કરવા.

## ચાલો, વાંચીએ

### ♦ ક્યાંનું શું વખણાય?

નાસિકની દ્રાક્ષ
નડિયાદનું ભૂસું
ભરૂચની શીંગ
કચ્છની દાબેલી




સુરતની ઘારી
નાગપુરનાં સંતરાં
રતલામની સેવ
વલસાડના ચીકુ




ખંભાતનું હલવાસન
જૂનાગઢની કેસરકેરી
ભાવનગરના ગાંઠિયા
જામનગરની કચોરી

### ♦ નવું જાણો



શાકભાજીથી માત્ર શાક નથી બનતું. પરંતુ સૂપ, હલવો, મીઠાઈ, પેઠા પણ બને છે. સાથે જ અથાણાં, વેફર, ચટણી, ભજીયાં જેવી અનેક વસ્તુઓ બને છે. દૂધી, તૂરિયા જેવા શાકની છાલનું પણ શાક બને છે. કોળાનાં બી ખવાય છે. કેટલાંક શાકભાજી દવા તરીકે પણ વપરાય છે.




### ♦ ચાલો, જુદાં જુદાં શાકભાજીની છાપથી ચિત્ર તૈયાર કરીએ.



અહીં આપેલાં છે તે સિવાય અન્ય સ્થળ અને ત્યાંની વખણાતી વસ્તુઓ વિશે માહિતી આપવી.

# ૧૪. સારું સારું શીખીએ

**ખરાબ ટેવો** | **સારી ટેવો**



- ચિત્રમાં નથી તેવી સારી ટેવોની યાદી તૈયાર કરો.
- ચિત્રમાં દર્શાવેલી કઈ ટેવો તમે અપનાવશો?
- મોબાઈલમાં રમત રમવાથી શું નુકસાન થાય છે?
- જમતા પહેલાં શું કરવું જોઈએ?
- મેદાનમાં રમત રમવાથી શું લાભ થાય?



વિદ્યાર્થીઓને ખરાબ ટેવોથી થતાં નુકસાન સમજાવી સારી ટેવોથી થતાં લાભ સમજાવવાં. તેમજ સારી ટેવો કેળવવા પ્રેરિત કરવા. સારી – ખરાબ ટેવોના પરિણામ વિશે મિત્રોને સૂચના આપવા કહેવું.

# ૧૫. રમતની મજા માણીએ

ભણવાનું પૂરું થયું અને રમતનો ઘંટ વાગ્યો. દફતરો ઠેકાણે મૂકી સૌ મેદાનમાં ગયાં. બધાં પોતપોતાની ટુકડીવાર ગોઠવાઈ ગયાં. અમારી ટુકડીના નાયક અનિલે કહ્યું, ''આજે આપણે આંધળો પાટો રમવાનું છે.''




''આંધળો પાટો! તો તો આજે ભારે મજા.'' અમે સૌ આનંદમાં આવી કૂદવા લાગ્યાં. આંધળો પાટોની રમત અમને બહુ ગમતી. અનિલે સિસોટી વગાડી. સૌ શાંત થઈ રમતની તૈયારી કરવા લાગ્યાં. એક જણે સરસ મજાનું ગોળ કૂંડાળું દોર્યું. અમે સૌ તેની અંદર ઊભા રહી ગયાં.

પહેલો દાવ અનિલ આપવાનો હતો. અમે તેની આંખે રૂમાલનો પાટો બાંધ્યો. તેને ક્યાંયથી દેખાતું નથી તે જોઈ લીધું. પછી તેને બે-ત્રણ આંટા ફેરવી છોડી દીધો. રમત શરૂ થઈ.

અનિલે અમને અડવા આવવાનું હતું. અમારામાંથી કોઈને અડી જાય તો તેનો દાવ ઊતરે. તે ધીમે ધીમે ચારે બાજુ ફરવા લાગ્યો. અમે કૂંડાળાની અંદર આમથી તેમ દોડતાં હતાં. કૂંડાળાની બહાર જઈએ તો દાવ આપવો પડે.

રમત હવે ધીમે ધીમે જામી. અનિલ ઝડપથી આખા કૂંડાળામાં ફરતો હતો. કૂંડાળામાં દોડાદોડી થઈ રહી. અમે અનિલની પાસે પાસે જઈ અવાજ કરતાં. કોઈક વાર તેના વાંસામાં ટપલી મારતાં ત્યારે એ એકદમ કૂદકો મારી અમને પકડવા પ્રયત્ન કરતો. અમે એકદમ સરકી જતાં. અનિલનો હાથ અમને અડી જાય તો તો આઉટ થઈ જવાય ને દાવ આપવો પડે. એક વાર શાંતિ અનિલ

વિદ્યાર્થીઓને યોગ્ય આરોહ-અવરોહ સાથે, વિરામચિહ્નોની સભાનતા સાથે ક્રમિક વાંચન કરાવવું.

પાસે જઈને 'આવ, આવ' બોલી. અનિલ તેની તરફ વેગથી દોડ્યો. શાંતિ ભાગી. પણ ભાગતાં ભાગતાં કૂંડાળાની બહાર નીકળી ગઈ. 'શાંતિ આઉટ', અમે સૌ બોલી ઊઠ્યાં. અનિલનો પાટો છોડી શાંતિને બાંધ્યો. શાંતિના માથે દાવ આવ્યો ને અમે નવી યુક્તિ કરી. જરા પણ અવાજ કર્યા વગર કૂંડાળામાં બધાં છૂટાં છૂટાં બેસી ગયા. શ્વાસનો પણ અવાજ નહિ. જાણે કૂંડાળામાં



કોઈ છે જ નહીં. શાંતિ ઘડીક ઊભી રહે, હાથ ચારે બાજુ હલાવે ને કાન સરવા કરે પણ કાંઈ ખબર પડે તો ને! જેની પાસે શાંતિ આવે તે અવાજ કર્યા વગર દૂર ખસી જતો. આમ થોડો વખત ચાલ્યું. પછી શાંતિને દોડાવવા લાગ્યા. શાંતિનો દાવ બહુ ચાલ્યો. રમત પૂરી થઈ ને ઘંટ વાગતાં સૌ ઘેર ગયા.

## ચાલો, વાતચીત કરીએ

(૧) તમે તમારી શાળામાં કઈ કઈ રમતો રમો છો?

(૨) શાંતિ અને અનિલના દાવમાં શું તફાવત હતો?

(૩) તમને રમતમાં દાવ આપવાનું ગમે કે દાવ લેવાનું ?

(૪) આંધળો પાટો રમતી વખતે દાવ દેનારને શું તકલીફ પડે ?

વિદ્યાર્થીઓને શાળાના મેદાનમાં 'આંધળો પાટો' રમત રમાડવી. ચર્ચા દરમિયાન 'આંધળો પાટો' રમત કેવી રીતે રમાય? રમત રમતી વખતે શું કરાય – શું ન કરાય તે વિશે ચર્ચા કરવી. જેથી બાળકોને સૂચના લખવામાં મદદ થશે.

## ચાલો, લખીએ



♦ **કૌંસમાંથી સમાન અર્થવાળા શબ્દો શોધીને લખો.** (વાંસો, હાથ, સિસોટી, રમત)

(૧) કર - ..........................  (૩) સીટી - ..........................

(૨) ખેલ - ..........................  (૪) પીઠ - ..........................

♦ **કોષ્ટકમાંથી રમતનાં નામ શોધીને લખો.**

(૧) ..........................

(૨) ..........................

(૩) ..........................

(૪) ..........................

(૫) ..........................

(૬) ..........................

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| કે | સી | ટી | ખો | ક્રિ | ક્રી | હો |
| સ | ર | ગો | ખો | કે | સાં | ટો |
| લ | તા | મ | ડી | ટ | ક | પા |
| કા | ખો | કૂ | બ | લં | ળી | ળો |
| ચી | થ | ડી | ક | ગ | ચે | ધ |
| પાં | સા | પ | સી | ડી | સ | આં |

♦ **નીચેના વાક્યો સામે યોગ્ય ક્રમ લખો.**

(અ) સૌ મેદાનમાં ગયાં. ☐

બધાં ટુકડીવાર ગોઠવાઈ ગયાં. ☐

રમતનો ઘંટ વાગ્યો. ☐

ભણવાનું પૂરું થયું. ☐



બાળકો કૃતિ કરે ત્યારે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

(આ) એક જણે ગોળ કૂંડાળું દોર્યું. ☐

સૌ આનંદમાં કૂદાકૂદ કરવા લાગ્યાં. ☐

અનિલે સિસોટી વગાડી. ☐

અનિલને બે-ત્રણ આંટા ફેરવી છોડી દીધો. ☐

## ♦ એક શબ્દમાં જવાબ લખો.

(૧) બધાંએ કઈ રમત રમવાનું નક્કી કર્યું? ..........

(૨) પહેલો દાવ કોનો આવ્યો? ..........

(૩) ટુકડીનો નાયક કોણ હતો? ..........

(૪) અનિલના દાવમાં કોણ આઉટ થયું? ..........

## ♦ યોગ્ય વિરામચિહ્ન (. અથવા ?) મૂકી વાક્ય ફરીથી લખો.

(૧) આજે કઈ રમત રમીશું ..........

(૨) સૌ મેદાનમાં ગયાં ..........

## ♦ આંધળો પાટો રમવા માટેની સૂચના તૈયાર કરો.

..........





બાળકો કૃતિ કરે ત્યારે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

## ચાલો, રમીએ

બાળમિત્રો એક એક ચિઠ્ઠીમાં મૂળાક્ષરો લખી, ચિઠ્ઠી વાળીને એક વાટકામાં ભરી લો. હવે દરેક વિદ્યાર્થી એમાંથી કોઈપણ એક ચિઠ્ઠી ઉપાડશે. ચિઠ્ઠીમાં જે મૂળાક્ષર લખેલો હશે તે મૂળાક્ષર પરથી શરૂ થતાં નામ બોલશે જેને શિક્ષક બોર્ડ પર લખશે. ત્યારબાદ બાળકો તે નામોનું નીચે મુજબ વર્ગીકરણ કરશે.

| મૂળાક્ષર | નામ | સ્થળ | પ્રાણી | વસ્તુ |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

## ચાલો, વાંચીએ



### મેજર ધ્યાનચંદ



મેજર ધ્યાનચંદનો જન્મ ૨૯ ઑગસ્ટ ૧૯૦૫ના રોજ પ્રયાગરાજમાં થયો હતો. તેઓ સેનામાં સિપાહી તરીકે જોડાયા અને છેક મેજરના પદ સુધી પહોંચ્યા હતા. તેઓ પોતાની બુદ્ધિમત્તા, વેધક દૃષ્ટિ, કાંડાની મજબૂતાઈ અને હરણ જેવી ઝડપી ગતિને કારણે વિશ્વના સર્વોત્કૃષ્ટ હૉકી ખેલાડી અને ભારતીય હૉકીના સૌથી સફળ સુકાની બન્યા. ૧૯૨૮, ૧૯૩૨ અને ૧૯૩૬ એમ સતત ત્રણ ઓલિમ્પિક સ્પર્ધાઓમાં ધ્યાનચંદની ઉત્કૃષ્ટ રમતને કારણે ભારત વિશ્વવિજેતા બન્યુ હતું. તેમને 'હૉકીના જાદુગર' તરીકે ઓળખવામાં આવે છે. દર વર્ષે તેમના જન્મ દિવસને 'રાષ્ટ્રીય રમત દિવસ' તરીકે ઉજવવામાં આવે છે.

♦ રાષ્ટ્રીય રમત દિવસ ક્યારે ઉજવાય છે?

♦ મેજર ધ્યાનચંદ કયા નામે ઓળખાય છે?

દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને મેજર ધ્યાનચંદના જીવન, રમત, ઉપલબ્ધિ વિશે બાળસહજ ભાષામાં સમજૂતી આપવી. ઉપરની રમતમાં પક્ષી, ફૂલ, ફળ, શાકભાજી જેવી બીજી વસ્તુઓના નામ પણ ઉમેરી શકાય.

## ચાલો, હસીએ



**છગન :** મગન, આ લે હું શાક લાવ્યો છું.

**મગન :** આ તે વળી કયું શાક?

**છગન :** આ કોબી છે. તું શાક બનાવ એટલે આપણે જમી લઈએ.

**મગન :** ભલે.

**છગન :** મગન, શાક તૈયાર થઈ ગયું કે નહીં?

**મગન :** શું શાક? મેં આખી કોબી છોલી નાંખી. એમાં શાક હતું જ નહીં.



---

સીતા અને ગીતા રસ્તા પર સાથે જતી હતી. ગીતાની પાછળ એક કૂતરો ભસતો ભસતો આવ્યો. આથી એ ઘણી જ ગભરાઈ ગઈ.

**સીતા :** ''ભસતાં કૂતરાં કરડે નહિ.''

**ગીતા :** એ કહેવતની ખબર મને તો છે.

**સીતા :** તો પછી ગભરાય છે શાને?

**ગીતા :** પણ આ કૂતરાને એ કહેવતની ખબર ન હોય ને!




---



**મમ્મી :** મનુ! તેં ત્રણેય કેળાં બાબુની સાથે વહેંચીને ખાધાં હતાં ને?

**મનુ :** મમ્મી! ત્રણ કેળાં વહેંચી શકાય તેમ નહોતાં; એટલે પહેલાં મેં એક કેળું ખાઈ લીધું. પછી બાકીનાં બે રહ્યાં તેમાંથી એક બાબુને આપ્યું અને એક મેં ખાધું.

♦ **વાચનખૂણામાંથી રમૂજી ટૂચકાઓનું પુસ્તક મેળવી વાંચો અને તે ટૂચકાઓ વર્ગમાં કહી સંભળાવો. વાંચવા લીધેલા પુસ્તકને યોગ્ય રીતે જાળવો.**



'ચાલો, હસીએ'માં આપેલા પ્રસંગમાં મનુની જગ્યાએ તમે હો તો તમે શું કરત? ત્રણ કેળાને કઈ રીતે સરખા ભાગે વહેંચી શકાય? તેવા પ્રશ્નો પૂછી ચર્ચા કરવી.

# ૧૬. જળ એ જ જીવન

♦ **નીચેનું ચિત્ર બરાબર જુઓ.**



♦ **વિચારો અને બોલો.**

(૧) આપણને પાણી ક્યાં ક્યાંથી મળે છે? (૨) તમારા ઘરે પાણી કેવી રીતે આવે છે?
(૩) નહાતી વખતે પાણીનો નળ ખુલ્લો મુકવો યોગ્ય છે કે અયોગ્ય?
(૪) પાણી ન આવ્યું હોય ત્યારે તમને પડેલી તકલીફનું વર્ણન કરો.

♦ **તમારી શાળામાં પીવાના પાણીના સ્થળે મૂકવાની સૂચના તૈયાર કરો.**

ચિત્રના આધારે ચર્ચા દ્વારા જળનું મહત્વ, જળપ્રદુષણ, જળસંવર્ધન વિશે બાળસહજ ભાષામાં માહિતી આપવી.

# ૧૭. એટલે રોટલો તૈયાર?

એક હતું ગામ. તેમાં એક ખેડૂત રહે. ખૂબ મહેનત કરે. એક દિવસ એ ખેતરમાં કામ કરીને થાકી ગયો. એટલે ઝાડ નીચે બેઠો. થોડો આરામ કરીને રોટલો અને છાશ ખાવા બેઠો. એટલામાં દડૂક દડૂક કરતાં એક સસલાભાઈ આવ્યા. સસલાભાઈને તો ભૂખ લાગેલી.

તે ખેડૂતને કહે – 'હેં ખેડૂતભાઈ, તમે શું ખાવ છો?'

ખેડૂત કહે, 'રોટલો. સસલાભાઈ, તમારે ચાખવો છે?'

સસલાભાઈ કહે, 'હા, ચખાડોને!'

ખેડૂતે રોટલાનો ટુકડો આપ્યો.

સસલાભાઈ તો ખુશ થતા જાય ને ખાતા જાય. ખાતા જાય અને ખુશ થતા જાય.

**સસલાભાઈ :** હેં ખેડૂતભાઈ, આ રોટલો ક્યાંથી જડે?

**ખેડૂત :** એ જડે નહિ. એ તો બનાવવો પડે.

**સસલાભાઈ :** હેં ખેડૂતભાઈ, તમે રોજ રોટલા ખાવ?

**ખેડૂત :** હા, અમે તો રોજ રોટલા ખાઈએ.

**સસલાભાઈ :** તો મને પણ રોટલો બનાવવાની રીત શીખવાડોને!

**ખેડૂત :** જુઓ સસલાભાઈ, પહેલાં ખેતર ખેડવાનું.

**સસલાભાઈ :** એટલે રોટલો તૈયાર?

**ખેડૂત :** અરે સાંભળો તો ખરા. ખેતર ખેડી તેમાં દાણા વાવવા પડે.

**સસલાભાઈ :** એટલે રોટલો તૈયાર?





દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને અનાજ ઉગાડવાની પ્રક્રિયા, પાક તૈયાર થયા પછીની પ્રક્રિયા, રોટલો બનાવવાની રીતના પગથિયા દેખાડી માહિતી આપવી.

**ખેડૂત :** એમ કંઈ રોટલો તૈયાર ન થાય. પછી તો પાણી પાવું પડે. એટલે દાણામાંથી ફણગા ફૂટે અને છોડ તૈયાર થાય.

**સસલાભાઈ :** એટલે રોટલો તૈયાર?

**ખેડૂત :** અરે સસલાભાઈ એમ કાંઈ રોટલા રસ્તામાં પડ્યા છે? નીંદામણ કરવું પડે. છોડ મોટા થાય એટલે ડૂંડાં આવે. તેમાં દાણા ભરાય. પછી તેને લણવા પડે.

**સસલાભાઈ :** એટલે રોટલો તૈયાર?

**ખેડૂત :** જો પાછા! તમે બહુ ઉતાવળા! પછી તો ખળામાં ડૂંડાં પીલવા પડે, પછી દાણા છૂટા પડે તેને ઉપણવા પડે અને સાફ કરી ઘંટીમાં દળવા પડે.

**સસલાભાઈ :** એટલે રોટલો તૈયાર?

ખેડૂતભાઈ તો હસી પડ્યા. તે કહે, સસલાભાઈ, હવે થોડી જ વાર છે. હમણાં રોટલો તૈયાર થઈ જશે! જુઓ, પછી લોટ બાંધવો પડે, રોટલો ઘડવો પડે, ચૂલો સળગાવી તેને શેકવો પડે.

**સસલાભાઈ :** એટલે રોટલો તૈયાર?

**ખેડૂત :** હા, એટલે રોટલો તૈયાર. બોલો, રોજ રોટલા ખાવા હોય તો ચાલો મારી સાથે ખેતર ખેડવા.

**સસલાભાઈ :** ખેડૂતભાઈ, આપણું કામ નહીં. આટલી બધી મહેનત અને આટલી બધી વાર?

**ખેડૂત :** તો જાવ સસલાભાઈ, ઘાસ ખાવ અને ક્યારેક રોટલો ખાવાનું મન થાય તો આવજો. હું તમને ખવડાવીશ બસ.

સસલાભાઈ તો ખુશ થતાં દડૂક દડૂક કરતાં ઊપડ્યા અને ખેડૂતભાઈ તો કામે લાગ્યા. ખાધું, પીધું ને રાજ કર્યું!

– રાજુ-દિપ્તી



ખેડૂત આપણાં પરમ ઉપકારી છે. તેઓ કેટલી મહેનતથી પાક ઉગાડે છે તે વિશે ચર્ચા કરવી અને બાળસુલભ ભાષામાં સમજૂતી આપવી.

## ચાલો, વાતચીત કરીએ



(૧) અનાજ-શાકભાજી કોણ ઉગાડે છે?

(૨) ખેડૂતને બદલે તમે હોત તો શું કરત ?

(૩) રોટલી અને રોટલા વચ્ચે ફેર શો?

(૪) સસલાએ ખેડૂતને શું શીખવવા કહ્યું?

## ચાલો, લખીએ.



♦ **કૌંસમાંથી સમાન અર્થવાળા શબ્દો શોધીને લખો.**

(આરામ, ઝાડ, ખુશ, જડવું)

(૧) વૃક્ષ - ..........

(૨) આનંદિત - ..........

(૩) મળવું - ..........

(૪) વિશ્રામ - ..........

♦ **એક શબ્દમાં જવાબ લખો.**

(૧) ખેડૂત શું ખાવા બેઠો? ..........

(૨) સસલું કેવી રીતે આવ્યું? ..........

(૩) સસલાને શું લાગી હતી? ..........

(૪) સસલું રોજ શું ખાતું હતું? ..........

(૫) ખેડૂતે સસલાને શું ખાવા આપ્યું? ..........

♦ **નીચેની ઘટનાઓને યોગ્ય ક્રમ આપો.**

**(અ) અનાજ ઉગાડવાનાં પગથિયાં**

| | |
|---|---|
| પાણી પાવું | ☐ |
| દાણા વાવવા | ☐ |
| ખેતર ખેડવું | ☐ |
| છોડ મોટો થાય | ☐ |
| દાણા ભરાય | ☐ |
| નીંદામણ કરવું | ☐ |

**(બ) રોટલો બનાવવાની રીત**

| | |
|---|---|
| લોટ બાંધવો | ☐ |
| રોટલો ઘડવો | ☐ |
| રોટલો શેકવો | ☐ |
| ચૂલો સળગાવવો | ☐ |
| દાણા દળવા | ☐ |





બાળકો કૃતિ કરે ત્યારે જરૂરી માર્ગદર્શન પૂરું પાડવું.

(ક) પાક તૈયાર થયા પછીની પ્રક્રિયા

| | |
|---|---|
| દાણા સાફ કરીને ભરવા | ☐ |
| ખળામાં ડૂંડાં પીલવા | ☐ |
| દાણા લણવા | ☐ |
| છૂટા પડેલા દાણાને ઉપણવા | ☐ |

♦ અર્થપૂર્ણ શબ્દ બનાવો.

(૧) પ ઉ વું ણ - ....................

(૨) હે મ ન ત - ....................

(૩) ઉ ળા વ તા - ....................

(૪) દા નીં ણ મ - ....................

♦ નીચેના ચિત્રો માટે વપરાતા જુદા જુદા શબ્દો બાળશબ્દકોશમાંથી શોધીને લખો.


કર - ....................


ગૃહ - ....................


શીશ - ....................


જળ - ....................


મુખ - ....................


ગગન - ....................

♦ નીચેનાં વાક્યો ફરી લખી યોગ્ય વિરામચિહ્ન (. અથવા ?) મૂકો.

(૧) તું ક્યા ધોરણમાં ભણે છે ....................

(૨) મને તારી પેન્સિલ આપ ....................

(૩) તમે ક્યાં જાઓ છો ....................

(૪) તમે ક્યાં રહો છો ....................

(૫) વરસાદ વરસે છે ....................

(૬) ત્યાં કોણ ઊભું છે ....................

વર્ગમાં પાઠનું નાટ્યીકરણ કરાવવું.

♦ **યોગ્ય શબ્દ લખો.** (ખાધો, ખાધી, ખાધું, પીધી, પીધું)

(૧) રોટલો ............ (૩) છાશ ............ (૫) ખીર ............

(૨) ઘાસ ............ (૪) દૂધ ............ (૬) રોટલી ............

♦ **તમે દરરોજ શું જમો છો તે લખો.**

............

............

## ચાલો, વાંચીએ

### ઘેર મજાનું ઘી

સોમવારે મેં દૂધ ભર્યું ને, મેળવ્યું મંગળવારે;
બુધવારે એની છાશ વલોવી, માખણ ગુરુવારે;

શુક્રવારે ચૂલે ચડાવ્યું ને, તાવ્યું ઝીણા તાપે;
શનિવારે ભર્યો ઘાડવો, મેં ને મારી માએ;

રવિવારની રજા નિશાળે, ઘીથી બનાવ્યા લાડવા;
આવ રે છગન, આવ રે મગન, સાથે મળી ખાવા.




♦ **કાવ્યના આધારે દૂધમાંથી ઘી બનવા સુધીની પ્રક્રિયા વર્ણવો.**

♦ **સંવાદ પૂર્ણ કરીએ.**

**મીના :** મોર કયા રંગનો હોય છે?

**રાજ :** ............

**મીના :** મોર શું બોલે છે?

**રાજ :** ............

♦ **બીજા કોઈ સહાયક અને પ્રાણીઓને પાત્ર તરીકે લઈ વર્ગમાં વાર્તા રજૂ કરો.**

♦ ચાલો, મમરાની ભેળ બનાવીએ અને તેની રીત લખીએ.



વર્ગમાં મકાઈની ભેળ, ચણાચાટ, ફણગાવેલા કઠોળની ભેળ બનાવી વિદ્યાર્થીઓને તેની રીત પૂછવી. વિદ્યાર્થીઓને પૌષ્ટિક ખોરાકના લાભ, બજારના ઉઘાડા ખોરાકના નુકસાન (જંકફૂડ) વિશે સરળ ભાષામાં સમજૂતી આપવી.

# ચાલો, રમીએ

બાળમિત્રો, એક વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીની પીઠ પર આંગળીથી કોઈપણ એક મૂળાક્ષર લખશે અને તે વિદ્યાર્થી કયો મૂળાક્ષર લખ્યો તે ઓળખશે. આ રીતે રમત આગળ વધશે.



આવી બીજી ભાષિક રમતો વર્ગમાં રમાડવી.

# ૧૮. ભૂલકાંઓની ફૂલવાડીમાં

ભૂલકાંઓની ફૂલવાડીમાં,
નવી નવાઈ ભાળી,
તિતલી-રાણી કરે સવારી,
ફૂલગાડી શણગારી.
ગાડી ખેંચે આગળ ચાલી,
મધમાખી બે શાણી
સૂરજમુખીનાં પૈડાં કીધાં,
ગુલાબગાદી બનાવી.
ગલગોટાની બેઠક પરથી,
ભમરો હાંકે ગાડી,
આગળ મોટાં વાજાં વાગે,
દેડકાંઓનાં ભારી.
પાછળ વેશ સજીને મ્હાલે,
તમરાં ને કંસારી,
ભૂલકાંઓની ફૂલવાડીમાં,
ફરતી રૂપસવારી.

– રતિલાલ નાયક





સૂર-તાલ આભિનય સહિત કાવ્ય ગવડાવવું. કાવ્યમાં આવેલા પ્રાસયુક્ત શબ્દો તરફ બાળકોનું ધ્યાન દોરવું. તમને આ કાવ્યમાં શું ગમ્યું તે પ્રશ્ન પૂછવો.

## ચાલો, વાતચીત કરીએ



(૧) ફૂલવાડી એટલે શું?

(૨) ક્યા ફૂલ સવારે ખીલે છે અને ક્યા સાંજે?

(૩) ફૂલવાડી અને જંગલમાં શું ફેર છે?

(૪) તમને ક્યું ફૂલ ગમે? શા માટે?

## ચાલો, લખીએ



♦ **બાળશબ્દકોશમાંથી નીચેના શબ્દોના અર્થ શોધો.**

(૧) ભૂલકાં – ..........  (૩) વેશ – ..........  (૫) બેઠક – ..........

(૨) વાજાં – ..........  (૪) નવાઈ – ..........  (૬) ભાળી – ..........

♦ **નીચેના શબ્દના અક્ષરથી બનતા બીજા શબ્દો લખો.**

સૂરજમુખી

રૂપસવારી

♦ **કહો કોણ ?**

વેશ સજીને મહાલનાર – ..........

સવારી કરનાર – ..........

ગાડી હાંકનાર – ..........

વાજાં વગાડનાર – ..........

♦ **શું તે લખો ?**

મધમાખી ખેંચે છે – ..........

શણગારવામાં આવી છે – ..........

## ♦ આકૃતિબંધ પૂર્ણ કરો.

(૧) કાવ્યમાં આવેલા

- કીટક → ............ ............ ............
- ફૂલ → ............ ............ ............

(૨) ફૂલગાડી

- ગાદી → ............
- બેઠક → ............
- પૈડાં → ............

## ♦ પ્રાસયુક્ત શબ્દ લખો.

(૧) રાણી – ............

(૨) કેશ – ............

(૩) ગાડી – ............

(૪) મારી – ............

## ♦ નમૂના મુજબ 'કેવું', 'કેવી', 'કેવો લખો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| કેવું | ગુલાબ | ............ | મધમાખી | ............ | પૈડું | ............ | ફૂલ |
| ............ | ભમરો | ............ | બેઠક | ............ | વેશ | ............ | ગાડી |

## ♦ આપેલા ચિત્રના આધારે કાવ્ય પૂર્ણ કરો.



ઢોલ વાગે ઢમ્ ઢમ્,

............

............

............

## ♦ તમને ગમતાં ફૂલ વિશે બે ત્રણ વાક્યો લખો.



## ચાલો, વાંચીએ

(૧) દિવસે ખીલી રાત્રે બીડાઈ જતું ફૂલ - કમળ

(૨) સૂર્યની દિશામાં ફરનાર ફૂલ - સૂરજમુખી

(૩) માત્ર રાત્રે ખીલતાં ફૂલો - રાતરાણી, પારિજાત

(૪) બારે મહિના ખીલતાં ફૂલો - બારમાસી, મધુમાલતી, ચંપો

(૫) વિશિષ્ટ ઋતુમાં થતાં ફૂલો - ગરમાળો, ગુલમહોર

(૬) માત્ર દિવસે જ ખીલતું ફૂલ - જાસૂદ

(૭) પાણીમાં ઊગતું ફૂલ - કમળ

(૮) કાંટા ધરાવતું ફૂલ - ગુલાબ



## ♦ ફૂલના વિવિધ ઉપયોગો

(૧) ગજરા, વેણી, હાર બનાવવા માટે.

(૨) પૂજા-ધાર્મિક વિધિ માટે.

(૩) સુશોભન માટે.

(૪) ભેટ આપવા માટે.

(૫) અત્તર બનાવવા માટે.

(૬) રંગ બનાવવા માટે.

(૭) ઔષધિ તરીકે.

(૮) ખાવા માટે - ગુલકંદ, કેળાનાં ફૂલનું શાક.











દશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને વિદ્યાર્થીઓને જુદાં જુદાં ફૂલ અને તેના વિવિધ ઉપયોગો વિશે માહિતી આપવી.

♦ કાગળનું ફૂલ બનાવી ચોંટાડો. કાગળનું ફૂલ બનાવવાની રીત અંગે તમારા મિત્રને સૂચના આપો.

♦ તમે કરેલા પ્રવાસ વિશે ચાર-પાંચ વાક્ય લખો.

♦ સાંભળો અને લખો.



બાળકોને ત્રણથી ચાર નાના સરળ વાક્યો સ્પષ્ટ ઉચ્ચાર સહિત બોલી સંભળાવવા અને તેમને લખવા કહેવું.

# ૧૯. સાર્વજનિક સ્થળો
























સાર્વજનિક સ્થળો રાષ્ટ્રીય સંપત્તિ છે.



















## ♦ ચાલો, બોલીએ.

(૧) આપણાં શહેરમાં કઈ સુવિધા હોવી જરૂરી છે? શા માટે?

(૨) બજારમાં અને મૉલમાં શું તફાવત છે?

(૩) તમે દવાખાને અથવા હોસ્પિટલમાં ગયા છો? તે મુલાકાતનું ટૂંકમાં વર્ણન કરો.

(૪) મ્યુઝિયમમાં વસ્તુ શા માટે સાચવી રાખવામાં આવે છે?

(૫) તમારી શાળામાં પ્રવેશદ્વારથી તમારા વર્ગ સુધી પહોંચવાની સૂચના તૈયાર કરો. (દાખલા તરીકે ડાબી બાજુએ વળો, એક માળ ચઢો, જમણી બાજુથી ચોથો વર્ગ.)

# ૨૦. તરબૂચના ખાનારા

એક કઠિયારો હતો. તેની પાસે એક બકરી અને એક પોપટ હતાં. તેને નાનો દીકરો હતો. તે બહુ જ હોશિયાર હતો. કઠિયારો લાકડાં કાપીને તેને વેચીને પોતાના કુટુંબનું ભરણ-પોષણ કરતો હતો. એક દિવસ કઠિયારાએ લાકડાં કાપ્યાં. પણ બહુ જ ઓછાં લાકડાં હતાં. તે લાકડાં વેચવા બજારમાં ગયો.

વેપારીએ કહ્યું, 'બસ! આટલા જ લાકડાં છે?' કહી થોડા પૈસા આપ્યા.

કઠિયારાને કકડીને ભૂખ લાગી હતી. તે બે-ત્રણ દુકાનો ફર્યો. પણ આટલા ઓછા પૈસામાં કોઈ કંઈ ખાવાનું આપતું ન હતું. છેવટે તેણે એક તરબૂચવાળાને જોયો. તેને થયું, 'લાવ, આજે તો તરબૂચ ખાઈને ચલાવી લઈએ.'

કઠિયારાએ તરબૂચવાળાને પૈસા આપ્યા. તરબૂચવાળો કહે, 'આના બદલામાં હું માત્ર એક જ તરબૂચ આપીશ.'

કઠિયારો કહે, 'ભલે... જેવી તમારી મરજી.' તે તરબૂચ લઈને ચાલતો થયો.

તે તરબૂચ લઈને ઘેર આવ્યો. બકરી ભૂખી હતી. તેણે કઠિયારાને





દૃશ્ય-શ્રાવ્ય સાધનોની મદદથી વિદ્યાર્થીઓને કઠિયારો તેમજ અન્ય સહાયકો અને તેમના કાર્ય વિશે માહિતી આપવી.

તરબૂચ લઈને આવતા જોયો. બકરી જાણે કે કહેવા લાગી, 'મને પણ ભૂખ લાગી છે હો.'

કઠિયારો સમજી ગયો. તે મનમાં મૂંઝાયો. કેમ કે આજે તેના માટે ઘાસ લાવ્યો ન હતો.

એવામાં પોપટ પણ મીઠું મીઠું બોલી કહેવા લાગ્યો, 'હું પણ ભૂખ્યો છું. મને કંઈક ખાવા આપો.'

કઠિયારો પોપટ માટે ફળ કે મરચાં લાવ્યો ન હતો તેથી તેને શું કરવું તેની સમજ ન પડી. પણ મનમાં થયું, સાચી વાત છે. મારે બકરીને અને પોપટને કંઈક ખવડાવવું જોઈએ. પણ એક મુશ્કેલી છે. આ તરબૂચ એક અને મારે તેમાંથી મારું, મારા દીકરાનું, બકરીનું અને પોપટનું એમ ચાર જણાનું પેટ કેવી રીતે ભરવું? તે વિચારવા લાગ્યો.

પપ્પાને મૂંઝાયેલા જોઈ તેનો દીકરો કહે, 'પપ્પા, મૂંઝાશો નહિ. હું ઉકેલ બતાવું?' કઠિયારો રાજી થઈને કહે, 'હા બેટા, ઝટપટ બતાવ.'

દીકરાએ કહ્યું, 'ગર તમે અને હું ખાઈએ. છાલ બકરીને ખવડાવીએ અને બિયાં પોપટને ખવડાવીએ. કેમ પપ્પા, કેવી લાગી યુકિત?'

કઠિયારાને યુક્તિ ગમી ગઈ. તેણે કુહાડી બાજુએ મૂકી, છરી વડે તરબૂચ સુધાર્યું.

એક બાજુ છાલનો ઢગલો કર્યો. એક બાજુ તરબૂચના લાલચટક ગરનો ઢગલો કર્યો. પછી તેમાંથી ધીમે ધીમે બિયાં કાઢી બિયાંની



દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરીને કોણ શું ખાય? વિશે માહિતી આપવી. તેમ જ તરબૂચના જુદાં જુદાં ભાગોના વિવિધ ઉપયોગો વિશે માહિતી આપવી.

ઢગલી કરી. હાથ ધોઈને ખુશ થતો તે ઊભો થયો ને બકરી પાસે છાલ લઈ જઈને તે બકરીને ખવડાવી. બકરીને પણ ભૂખ લાગી હતી તેથી છાલ ખાઈ ગઈ. પછી તે બિયાં લઈને પોપટ પાસે પહોંચી ગયો. પોપટ કઠિયારાના હાથમાંથી બિયાં ફોલી ફોલીને આનંદથી ખાવા લાગ્યો. તેને તો ભાઈ બિયાં ખાવાની મજા આવી ગઈ. બંનેને ખવડાવીને પછી કઠિયારો અને તેનો દીકરો તરબૂચનો ગર ખાવા બેઠા. તેમનું પણ પેટ ભરાઈ ગયું.

આમ તરબૂચ એક હતું ને ખાનારા ચાર જણ હતા. પણ ચારેમાંથી કોઈ ભૂખ્યું રહ્યું નહિ એટલે કઠિયારાને સંતોષ થયો.

– જાગૃતિ રામાનુજ



## ચાલો, વાતચીત કરીએ



(૧) તમે સવારથી રાત સુધીમાં કઈ કઈ વસ્તુઓનો ઉપયોગ કરો છો?
(૨) તે વસ્તુઓ કોણ તૈયાર કરે છે?
(૩) જો એ તૈયાર કરનાર સહાયકો ન હોય તો શું થાય?
(૪) કઠિયારો પોતાના કુટુંબનું ભરણપોષણ કેવી રીતે કરતો હતો?
(૫) તમને આ વાર્તામાં શું ગમ્યું ?

## ચાલો, લખીએ



♦ **કૌંસમાંથી સમાન અર્થવાળા શબ્દો શોધીને લખો.**

(ઉકેલ, મરજી, ચાલાક, બિયાં)

(૧) ઈચ્છા – ..................... (૩) બીજ – .....................

(૨) રસ્તો – ..................... (૪) ચતુર – .....................





શાંતિથી વિચાર કરીએ તો દરેક સમસ્યાનું સમાધાન ચોક્કસ મળે છે તે વાત બાળસહજ ભાષામાં સમજાવવી.
કૃતિમાં આવેલા અપરિચિત શબ્દનો અર્થ બાળશબ્દકોશમાંથી શોધવા કહેવું.

## ♦ એક શબ્દમાં જવાબ લખો.

(૧) કઠિયારાનો દીકરો કેવો હતો? - ..............

(૨) કઠિયારો લાકડાં વેચીને શું લાવ્યો? - ..............

(૩) તરબૂચમાંથી કેટલા જણનું પેટ ભરવાનું હતું? - ..............

## ♦ કોણે શું ખાધું?

કઠિયારો અને તેનો દીકરો - ..............

પોપટ - ..............

બકરી - ..............

## ♦ યોગ્ય જોડકાં જોડો.

(૧) ખેડૂત

(૨) પીંજારો

(૩) વણકર

(૪) રંગારો

(૫) દરજી





(અ) કપડું વણે

(બ) કપડાં સીવે

(ક) કપાસ વાવે

(ડ) રૂ પીંજે

(ઈ) કાપડ રંગે





## ♦ કહો કોણ?

(૧) ઘરેણાં ઘડે તે - ..............

(૨) લોઢું ઘડે તે - ..............

(૩) દિવાલ ચણે તે - ..............

(૪) ખુરશી બનાવે તે - ..............

## ♦ નો, ની, નું, ના લખો.

(૧) કઠિયારા ☐ દીકરો (૩) કુટુંબ ☐ ભરપોષણ (૫) પોપટ ☐ ચાંચ

(૨) છાલ ☐ ઢગલો (૪) તરબૂચ ☐ છાલ (૬) તરબૂચ ☐ ગર

♦ તમને ભાવતાં ફળ વિશે બે-ત્રણ વાક્યો લખો.

♦ આ વાર્તાનો અંત બદલીને વર્ગમા રજૂ કરો.

♦ તમારી શાળાની એક દિવાલ પર ચિત્ર દોરાવવાનું છે. રંગારાને આપવા માટે સૂચના તૈયાર કરો . જેમકે – ડાબી બાજુએ ચાર ઝાડ ...

## ચાલો, વાંચીએ



### આપણને મદદ કરનારા હાથ



કુંભાર છે નામ તમારું;
ખૂંદો છો માટી ને ગારું;
માટીનાં માટલાં ઘડનારા;
જીવી, જગતને જિવાડનારા.

લુહાર છે નામ તમારું;
ટીપો છો લોઢું કાળું,
લોઢી, દાતરડું બનાવનારા;
જીવી, જગતને જિવાડનાર





ખેડૂત છે નામ તમારું;
હાંકો બળદ ને ગાડું,
ખેતર ને વાડી ખેડનારા;
જીવી, જગતને જિવાડનારા.

♦ કાવ્યમાં આવેલા સહાયકોના કાર્ય વિશે તમારા મિત્ર સાથે સંવાદ સાધો.





વિદ્યાર્થીઓને ખેડૂતના પરિશ્રમ વિશે જણાવવું. તેમને પ્રેરણા કરવી કે જ્યારે પણ આપણે જમવા બેસીએ ત્યારે ખેડૂતનો આભાર માનવો જોઈએ.

## ♦ ચાલો, ચિત્રના આધારે વાર્તા લખીએ



બાળકોને જાતે વાર્તા તૈયાર કરે ત્યારે તમારે જરૂર જણાય ત્યાં માર્ગદર્શન આપી પ્રોત્સાહન પૂરું પાડવું.

# ૨૧. સુરક્ષિત રહીએ

## યોગ્ય સ્પર્શ – અયોગ્ય સ્પર્શ






વિદ્યાર્થીઓને બાળસહજ ભાષામાં યોગ્ય-અયોગ્ય સ્પર્શ વિશે માહિતી આપવી. કોઈ અયોગ્ય સ્પર્શ કરે ત્યારે ડર્યા કે ગભરાયા વિના વાલી, શિક્ષકને જાણ કરવા કહેવું. પોકસો સંપર્ક સૂત્ર વિશે માહિતી આપી તેનો ઉપયોગ કેવી રીતે કરવો તે સમજાવવું.

# સલામતી

♦ યોગ્ય ચિત્ર સામે ✓ અને અયોગ્ય ચિત્ર સામે × ની નિશાની કરો.















- ♦ ચિત્રમાં કયા કયા વાહનો દેખાય છે?
- ♦ હેલ્મેટ શા માટે પહેરવું જોઈએ?
- ♦ જો તમે ટ્રાફિક પોલિસ હો તો શું કરો?
- ♦ રસ્તા પર ચાલતી વખતે મોબાઈલનો ઉપયોગ કરીએ તો શું થાય?

સલામતીના અન્ય નિયમો અંગે સમજૂતી આપવી. ચિત્રના આધારે વર્ગમાં ચર્ચા – પ્રશ્નોત્તરના માધ્યમથી બાળકોને સલામતી સંદર્ભે યોગ્ય – અયોગ્ય વર્તન, તેના જોખમ વિશે માહિતી આપવી.

# ૨૨. બાળકોનું છાપું – ‘બાળવિશ્વ’



બાળમિત્રો, બાજુના ચિત્રમાં દર્શાવ્યા મુજબ તમે તમારા પરિસરમાં, શાળામાં, ઘરમાં, લોકોને છાપું વાંચતાં જોયા હશે. છાપાને ‘વર્તમાનપત્ર’ પણ કહેવાય છે. વર્તમાનપત્ર વાંચવાથી આપણને દેશ-દુનિયામાં ઘટતી ઘટનાઓ જાણવા મળે છે. ઘણાં વર્તમાનપત્ર બાળકો માટે વિશેષપૂર્તિ પ્રકાશિત કરે છે. ઘણાં વર્તમાનપત્રમાં બાળવિભાગ પ્રકાશિત થાય છે. ખાસ બાળકો માટે અલગ વર્તમાનપત્ર અને સામયિક પણ બહાર પડે છે. જેમાં બાળવાર્તા, કાવ્ય, શું તમે જાણો છો? ભાષિક રમત, આકર્ષક ચિત્રો દ્વારા અપાયેલ સંદેશ, જાહેરખબર જેવી ઘણી તમને વાંચવી ગમે, સાથે જ તમારા માટે ઉપયોગી હોય તેવી માહિતી પ્રકાશિત થાય છે. તમે પણ વર્તમાનપત્ર વાંચવાની ટેવ કેળવજો.

### ♦ શું તમે જાણો છો?

નાળિયેરીનાં નીચે મુજબ જુદાં જુદાં ઉપયોગો છે.



### પ્રાણીઓ પાસેથી આપણે નીચેની વસ્તુઓ લઈએ છીએ.

દૂધ – દૂધમાંથી દહીં, છાશ, માખણ, પનીર, ચીઝ, ઘી વગેરે બને છે.
મધ – ગુણકારી ઔષધિ છે.
રેશમ – રેશમી કપડાં બનાવવાના કામમાં આવે છે.
ઊન – સ્વેટર, ટોપી, મોજાં વગેરે બનાવવામાં વપરાય છે.
ચામડું – બૂટ, ચંપલ, પર્સ, પટ્ટો, જાકિટ, બૅગ જેવી વિવિધ વસ્તુઓ બને છે.
ખાતર – ઢોરના છાણ-મૂત્રમાંથી ઉત્તમ ખાતર બને છે.
મોતી – આભૂષણ બનાવવા માટે ઉપયોગી છે.
કોડી – વિવિધ સુશોભનની વસ્તુઓ, ઘરેણાં તૈયાર કરવામાં આવે છે.

વર્તમાનપત્રમાં શું શું છપાય છે? જાહેરખબર એટલે શું? જેવા પ્રશ્નો પૂછવાં. બાળકોને ચિત્રના આધારે નાળિયેરીનાં વિવિધ ઉપયોગો વિશે સહાધ્યાયી સાથે સંવાદ સાધવા કહેવું.

# બાળવાર્તા - બી

નદી કાંઠે એક બી પડ્યું હતું. એ સાવ નાનું હતું. એક ચકલી ત્યાં આવી. ચાંચ મારી બીને ખાવા લાગી.

બી કહે : ઊભી રહે, ઊભી રહે,
જમીનમાં દટાવા દે,
જાડું - પાડું થાવા દે,
પછી મને ખાજે.

ચકલી તો ચીં ચીં કરતી ઊડી ગઈ. થોડા દિવસ પછી વરસાદ પડ્યો. સૂરજ ઊગ્યો.બી તો પડ્યું પડ્યું ઊગવા લાગ્યું. પહેલાં ફણગો ફૂટ્યો. તેમાંથી ઝીણાં ઝીણાં બે પાન ફૂટ્યાં.

ત્યાં એક બકરી આવી. બકરીએ કૂણી કૂંપળો જોઈ. એને ખાવાનું મન થયું. એટલે

કૂંપણ કહે : ઊભી રહે, ઊભી રહે,
મૂળિયા ઊંડાં જાવા દે,
ખાતર, પાણી ખાવા દે,
પછી મને ખાજે.

બકરી તો બેં... બેં... કરતી દોડી ગઈ. થોડા દિવસ ગયા. કૂંપળ વધીને છોડ થયો. ત્યાં એક ગાય આવી. ગાયે છોડને ખાવા ડોકું માર્યું, એટલે છોડ કહે : ઊભી રહે ઊભી રહે,
ડાળી, પાન થાવા દે,
ખાતર, પાણી ખાવા દે,
પછી મને ખાજે.

આ સાંભળી ગાય અંભા... અંભા... કરતી ચાલી ગઈ.

લાંબો વખત વીતી ગયો. છોડમાંથી ધીરે ધીરે એક ઝાડ થયું. લાંબી લાંબી ડાળીઓ, મોટાં મોટાં પાન, ઠંડો મઝાનો છાંયડો.

ત્યાં ઝાડ નીચે ચકલી આવી ચણ ચણે ને ડોક મરડે. કશુંક શોધ્યા કરે : પેલું બી ક્યાં? થોડીવારમાં પેલી બકરી આવી. એ કહે; પેલી કૂંપળ ક્યાં? વળી પાછી પેલી ગાય આવી, એ પૂછે : પેલો છોડ ક્યાં?

ત્યાં તો પેલું ઝાડ બોલ્યું : હું જ બી છું.
હું જ કૂંપળ છું.
હું જ છોડ છું
હું જ ઝાડ છું.

હવે મને ખાઓ જોઈએ.

પણ ઝાડને કોણ ખાઈ શકે?



બાળકોને આ વાર્તા પોતાની ભાષામાં રજૂ કરવા કહેવું.

♦ નીચેની જાહેરખબર વાંચી કૃતિ કરો




♦ સાચા જવાબ પર ગોળ કરો.

**(અ) આપણી દુકાન કેટલા દિવસ ખુલ્લી હોય છે?**

(૧) અઠવાડિયામાં પાંચ દિવસ

(૨) અઠવાડિયામાં છ દિવસ

(૩) અઠવાડિયામાં સાતેય દિવસ

**(બ) સૌથી મોંઘી વસ્તુ કઈ છે ?**

(૧) પાણીની બાટલી (૨) ચિત્રપોથી (૩) નોટબુક

**(ક) સૌથી સસ્તી વસ્તુ કઈ છે ?**

(૧) ચિત્રપોથી (૨) પેન (૩) રબર

**(ડ) કઈ બે વસ્તુઓની કિંમત એક સરખી છે?**

(૧) પેન અને ક્રેયૉન

(૨) પેન્સિલ અને ચિત્રપોથી

(૩) રબર અને પેન્સિલ



આવી અન્ય જાહેરખબર વાંચનનો વિશેષ મહાવરો કરાવવો.

♦ નીચેના ચિત્ર વિશે તમારો મત જણાવો.



♦ જવાબના શબ્દોમાં ખૂટતા અક્ષરો લખો.

| | | |
|---|---|---|
| શાંતિનું દૂત કહેવાય છે. | ક | ............ |
| શરીરનો સમાનાર્થી | કા | ............ |
| સૂર્યની પ્રકાશરેખાને કહેવાય | કિ | ............ |
| તમરાં, કંસારી વગેરેને કહેવાય | કી | ............ |
| લાકડાં કાપવાના કામમાં આવે | કુ | ............ |
| ચોકી કરતું પ્રાણી | કૂ | ............ |
| એક ફળનું નામ | કે | ............ |
| ભગવાન શિવનું નિવાસસ્થાન | કૈ | ............ |
| આંબા ડાળે ટહુકતું પક્ષી | કો | ............ |
| ધૃતરાષ્ટ્રના પુત્રો કહેવાય છે | કૌ | ............ |
| એક છોકરીનું નામ | કં | ............ |

**બાળગીત**

**મારો પરિવાર**

મારા પપ્પા ખૂબ મજાના છે.
મને ગમતું ખાવાનું બનાવે છે.
મારાં મમ્મી ખૂબ મજાનાં છે.
મને ગમતાં રમકડાં લાવે છે.
મારી બહેન ખૂબ મજાની છે.
મને વહાલ કરી ખવડાવે છે.
મારો ભઈલો ખૂબ મજાનો છે.
મને ગીત નવાં સંભળાવે છે.
મારા દાદા ખૂબ મજાના છે.
મારા માટે પીપરમીંટ લાવે છે.
મારાં દાદી ખૂબ મજાનાં છે.
મને વહાલ કરી સુવડાવે છે.

– ઈન્દ્રકુમાર પારેખ



આવી અન્ય કૃતિઓ તૈયાર કરી વિશેષ મહાવરો કરાવવો.

♦ નીચેના ચિત્રનું નિરીક્ષણ કરો.




♦ ચાલો, બોલીએ

(૧) ઊપર ઊભેલા લોકોની સંખ્યા, નીચે રમતાં બાળકો કરતાં કેટલી ઓછી/વધારે છે?

(૨) તમે આ રમત રમી હોય તે અનુભવનું વર્ણન કરો.

(૩) તમારા મતે કયા નંબરની કાર સરળતાથી આગળ વધી શકશે?

(૪) ૧ નંબરની પાછળની બાજુએ કઈ કાર છે?

(૫) ૬ નંબરની આગળ કઈ કાર છે?

(૬) ૭ નંબરની ડાબી બાજુએ કઈ કાર છે?

પ્રિય બાળમિત્રો,

કોઈપણ દ્વારા કરાતા અયોગ્ય સ્પર્શથી જો તમે અસહજતા અનુભવો તો તમારે ચૂપ ન રહેવું જોઈએ. તમે...

૧. આમ થવામાં તમારો કોઈ દોષ નથી, તે યાદ રાખો

૨. તમારી કોઈ વિશ્વાસુ વ્યક્તિને આ બનાવ વિશે જાણ કરો.

૩. તમે પોક્સો ઈ-બૉક્સ મારફત રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગને પણ જાણ કરી શકો છો.

**અયોગ્ય, અસુરક્ષિત સ્પર્શના કારણે તમે મૂંઝવણ અનુભવતા હો, તો એ માટે તમારે દુ:ખી થવાની જરૂર નથી. કારણ કે એમાં તમારો કોઈ દોષ જ નથી.**




આ બટન દબાવો.

POCSO e-box સંકેતસ્થળ ncpcr@gov.in પર ઉપલબ્ધ છે.

**તમારી વય ૧૮ વર્ષ કરતાં નાની છે અને તમે કોઈ મુશ્કેલીમાં છો, કોઈ તકલીફ-મૂંઝવણ-તાણ અનુભવો છો અથવા તમે આ પ્રકારનો ત્રાસ સહન કરતાં કોઈ બાળકને જાણો છો તો સંપર્ક કરો.**




બાળ સહાયતા ક્રમાંક - 1098/૧૦૯૮ (દસ નવ આઠ) : ૨૪ કલાક કાર્યરત રાષ્ટ્રીય આપાત્કાલીન મફત દૂરધ્વનિ સેવા છે, જે મહિલા અને બાળવિકાસ મંત્રાલય દ્વારા સમર્થિત 'ચાઈલ્ડ લાઈન ઈન્ડિયા' દ્વારા ચલાવાતો ઉપક્રમ છે.

નવા સમાજ તરફ
Towards a new dawn

# राज्यगीत

जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।धृ।।

भिती न आम्हा तुझी मुळी ही गडगडणाऱ्या नभा
अस्मानाच्या सुलतानीला जबाब देती जिभा
सह्याद्रीचा सिंह गर्जतो शिव शंभू राजा
दरी दरीतून नाद गुंजला महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा ।।१।।

काळ्या छातीवरी कोरली, अभिमानाची लेणी
पोलादी मनगटे खेळती, खेळ जीवघेणी
दारिद्र्याच्या उन्हात शिजला
निढळाच्या घामाने भिजला
देश गौरवासाठी झिजला
दिल्लीचे ही तख्त राखितो, महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा, गर्जा महाराष्ट्र माझा
जय जय महाराष्ट्र माझा ।।२।।

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

बालभारती इयत्ता दुसरी (गुजराती माध्यम)

₹ 64.00